**સુવિચાર**
સ્મિત રાખતી વ્યકિતઓ હંમેશ સુખી હોય છે અથવા વ્યકિત આનંદમાં હોય છે ત્યારે સ્મિત આપે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૮/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ શ્રાવણ વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૧૭

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૩૧-૦૮-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
■ કીડની ■ પ્રોસ્ટેટ ■ પથરી
Prostate Cancer
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

### શહેરની દોઢ લાખની જનતા માટે આશીર્વાદરૂપ ગણાતો

# અમરેલીનો ઠેબી જળાશય પાણીથી છલોછલ

**ચાલુ મોસમમાં સૌપ્રથમ વખત જળાશયમાં ભરપૂર આવક થતાં બે દરવાજા એક-એક ફૂટ ખોલાયા**

**પાણીનાં ધસમસતા પ્રવાહને નિહાળવા શહેરીજનો મોટી સંખ્યામાં એકત્ર થયા**

**નદીનાં પટ્ટ વિસ્તારમાં રહેતા નાગરિકોને અવરજવર ન કરવા સુચના અપાઈ**

**સ્થાનિક પોલીસ દ્વારા સુરક્ષા અર્થે ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો**





અમરેલી, તા.૨૮

અમરેલીનજીકઆવેલઠેબી ડેમનાં ઉપરવાસમાં ગઈકાલ રાત્રીનાં વરસાદ પડતાં આ જળાશયમાં નવા નીરની આવક થતાં આજે સવારે બે દરવાજાએકએકફૂટખોલવામાંઆવ્યા હતા. સાથે સાથે અમરેલી શહેર સહિત નિચાણવાળાવિસ્તારોમાંવસતાલોકોને નદીના પટ્ટમાં અવર જવાર ના કરવા સુચનાપણતંત્ર ધ્વારાઆપવામાંઆવી હતી. આ વર્ષે પ્રથમ વખત જ ઠેબી જળાશયના દરવાજા ખોલવામાં આવ્યા હતા. ત્યારે અમરેલીનાં શહેરીજનો ઠેબી ડેમ ઉપર પાણી જોવા ટોળે વળ્યા હતા જેને લઈ અમરેલીનાં ઠેબી ડેમ ઉપર લોકોનાટોળાવળતાપોલીસબંદોબસ્ત ગોઠવાયોહતો.

હાલમાંઅમરેલીજિલ્લામાં મેઘાવીમાહોલસર્જાયોછે ત્યારે ગઈકાલે રાત્રીના સમયે ચિતલ સહિતનાં ઉપરવાસના ગામોમાં વરસાદ પડતા ઠેબીનદીમાંપુરઆવતાંઅમરેલીનજીક આવેલ ઠેબી ડેમમાં નવા નીરની આવક થતાંઆજેસવારેઠેબીડેમનાંબેદરવાજા એક એક ફૂટ ખોલવામાં આવ્યા હતા. સાથે સાથે અમરેલી શહેર, પ્રતાપપરા, ફતેપુર તથા ચાંપાથળ સહિત નિચાણવાળાવિસ્તારોમાંવસતાલોકોને નદીના પટ્ટમાં અવર જવર ના કરવા સુચનાપણતંત્ર ધ્વારાઆપવામાંઆવી હતી. આ વર્ષે પ્રથમ વખત જ ઠેબી જળાશયનાં દરવાજા ખોલવામાં આવ્યા હતા. ત્યારે અમરેલીનાં શહેરીજનો ઠેબી ડેમ ઉપર પાણી જોવા ટોળે વળ્યા હતા. જેને લઈ અમરેલીનાં ઠેબી ડેમ ઉપર લોકોનાટોળાવળતાપોલીસબંદોબસ્ત ગોઠવાયો હતો.

### ગોંડલનાં મોટી ખિલોરી ગામે જતાં કાર પાણીમાં તણાઈ જતાં

# બાબરાનાં રાયપર ગામનાં એક જ પરિવારનાં 3 સદસ્યો પતિ-પત્ની અને પુત્ર કાર સાથે પાણીમાં તણાયા

**પતિ અને પત્નીનો મૃતદેહ મળી આવ્યો : બાળકની શોધખોળ શરૂ**



અમરેલી, તા.૨૮

ગોંડલ તાલુકાનાં મોટીખીલોરી ગામની કોલપરી નદીનાં કોઝવે પર વ્હેલી સવારે પસાર થઈ રહેલી ઈકોકાર પાણીનાંપ્રવાહમાંતણાઈ નદીમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યા



રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનનાં પદમશ્રી સવજીભાઈ ધોળકીયા ધ્વારા ગાગડીયો નદી પર નિર્માણ પામેલ સરોવરો ઓવરફલો થતાં સમગ્ર પંથકનાં ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. ગાગડીયો નદી પર થયેલ જળસંચય કામગીરીને લોકો બિરદાવી રહ્યા છે.

### ૧૦ દિવસથી ગુમસુમ રહ્યા બાદ

# જાફરાબાદ : લુણસાપુર ગામે યુવકે બીમારીથી કંટાળીને ગળાફાંસો ખાઈ લીધો

**નાનાએવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા.૨૮

જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે રહેતા માણંદભાઈ પુંજાભાઈ વાઢેરનો ૧૯ વર્ષિય દિકરો મુકેશ છેલ્લા દસેક દિવસથી બીમાર હોય અને તે ગુમસુમ રહેતો હોય અને નિમાણો રહેતો હોય અને બીમારીની દવા લેતા છતાં સારૂ થતું ન હોય. જેથી તા. ૮ ના રોજ બપોરના ૩ વાગ્યાના સમયે લુણસાપુર ગામે બીમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,750/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૮/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી • પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
• વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
• લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર • નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
• જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

# બગસરામાં ભરવાડ સમાજ દ્વારા કૃષ્ણ જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા શહેરમાં ભરવાડ સમજ દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામા આવેલ આગેવાનો સહિત ભરવાડ સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ અને શહેરના વિવિધ માર્ગો પર શ્રી કૃષ્ણ ભગવાનની શોભાયાત્રાનીકળેલછેત્યારેજન્માષ્ટમી પર્વને લય બગસરા શહેરમાં ઘણા સમયથીજન્માષ્ટમીઉત્સવનુંઆયોજન કરવામાં આવે છે જન્માષ્ટમી અને કૃષ્ણમહોત્સવની ધામ ધૂમપૂર્વક ઉજવણી કરવામાંઆવી જેમાં ભરવાડ સમાજની વાડી ખાતેથી શોભાયાત્રાનું પ્રસ્થાન આગેવાન દ્વારા કરી શહેરના મુખ્ય માર્ગો પર ફરેલી ભરવાડ સમાજ સહિત લોકો શોભા યાત્રામાં જોડાયેલ અને શહેરમાં સમગ્ર ધાર્મિક વાતાવરણ જોવા મળ્યું. તેમજ ઠેર ઠેર મટકી ફોડ નો કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું કૃષ્ણ જન્મોત્સવની શોભાયાત્રામાં લોકો ઉપસ્થિત રહીને નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના નાદ સાથે શહેર ગુંજી ઉઠેલ.

### અમરેલીનાં ભાજપ અગ્રણી ડો. કાનાબારે

## અમરેલી જીલ્લામાં માર્ગોથી બિસ્માર બનેલી હાલત સામે રોષ વ્યકત કર્યો

### જનતાએ જાગૃત થવાની જરૂર હોવાનું જણાવાયું



અમરેલી, તા. ૨૮

અમરેલીનાં ભાજપ અગ્રણી ડો.કાનાબારે વરસાદી માહોલમાં બિસ્માર બનેલ માર્ગો સામે રોષ વ્યકત કરતા સોશ્યલ મીડિયામાં પોસ્ટ વાયરલ કરી છે.

તેઓએ પોસ્ટમાં જણાવેલ છે કે નવા બનેલા રસ્તાઓ પણ ટૂંકા સમયમાં ખાડા અને ભુવા પડે છે ત્યારે માત્ર રસ્તાઓ જ નથી તૂટતાં, લોકોનો તંત્ર પરનો ભરોસો તૂટે છે.

નબળું કામ કરનાર કોન્ટ્રાકટરને દંડ થાય એ તો સમજયા પણ આવા કામ પર જેમની સુપરવિઝન કરવાની જવાબદારી છે એવા મોટા મસ પગાર લેતા એન્જીનીયરો અને અન્ય કર્મચારીઓને કેમ કોઈ દંડ થતો નથી ?

એમને સરકાર પગાર શાનો આપે છે ?? આવા રસ્તા પર હડદોલા ખાતા ખાતા પસાર થતો આમ આદમી ખાલી મનમાં બબડતો રહેશે તો કયારેય તેની હાડમારીનો અંત આવશે નહિં. તેણે તો જયાં જયાં નબળું કામ થતું હોય ત્યાં ત્યાં તેની સામે નીડરતાથી અવાજ ઉઠાવવો પડશે !" "આપ મૂઆ વિના સ્વર્ગેના જવાય" તેમ પોતાના હકોની લડાઈ તો લોકોએ જાતે જ લડવી પડશે.

### વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને

## રાજુલામાં અતિ ભારે વરસાદની સ્થિતિમાં શેલ્ટર હોમમાં સ્થળાંતર કરવા અનુરોધ

### અધિકારીઓએ દરિયાઈ વિસ્તારની મુલાકાત લીધી



રાજુલા, તા. ૨૮

અતિ ભારે વરસાદની સ્થિતિ આવે તો તેવા વખતે શેલ્ટર હોમમાં સ્થળાંતર થવા તેમજ નાગરિકોને સુરક્ષિત રહેવા સાવચેતીના પગલાં ભરવા અંગે વહીવટી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા અનુરોધ કરવાની સાથે વિવિધ બાબતોનું માર્ગદર્શન આપવામાં આવે છે. અમરેલી જીલ્લામાં આવેલા વરસાદને પગલે દરિયાઈ વિસ્તારમાં નાગરિકોને સાવચેત રહેવાના આગોતરા પગલાં વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. રાજુલા તાલુકા મામલતદાર તથા રાજુલા તાલુકા મામલતદાર કચેરીના કર્મયોગીઓ દ્વારા રાજુલા તાલુકાના દરિયાઈ પટ્ટીના ગામની મુલાકાત લેવામાં આવી હતી.

રાજુલા તાલુકાના ચાંચ, ખેરા અને પટછા સહિતના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત કરી તે વિસ્તારના ગ્રામજનો સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. ગામમાં અતિ ભારે વરસાદની સ્થિતિ આવે તો તે વખતે શેલ્ટર હોમમાં સ્થળાંતરિત થવા અને નાગરિકોને સુરક્ષિત રહેવા બાબતે અનુરોધ કરવામાં આવ્યો હતો. તે સાથે ટીમ દ્વારા કોઝવેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, તેમ રાજુલા તાલુકા મામલતદારએ જણાવ્યું છે.

### જન્માષ્ટમી પર્વ નિમિતે

## લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા છાશ વિતરણ કરાયું



અમરેલી, તા. ૨૮

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિતે શહેરમાં નીકળેલ શોભાયાત્રા તથા નગરજનોને છાશ વિતરણ રાજકમલ ચોક ખાતે કરવામાં આવેલ તેમજ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવેલ. આશરે છસ્સોહ થી વધ નગરજનોએ આ સેવાનો લાભ લીધેલ આ તકે આંતરરાષ્ટ્રીય હિન્દુ વિશ્વ પરિષદના ડો. ગજેરા સાહેબ તથા અન્ય મહાનુભાવોએ છાશ વિતરણ સ્ટોલની મુલાકાત લીધેલ તેમજ આ કાર્યક્રમમાં લા. પ્રમુખ રાજુભાઈ વિઠલાણી, કાંતિભાઈ વઘાસીયા, દિનેશભાઈ ભુવા, સેક્રેટરી બકુલ ભટ્ટ, ખજાનચી હર્ષદ વઘાસીયા, રાજુભાઈ પરિખ, કૌશિક હપાણી, જયસુખભાઈ ઢોલરીયા, દિવ્યાંશ તળાવીયા, ભીખુભાઈ કાબરીયા, જીતુભાઈ સોંડાગર, ડો. શાશ્વત સોંલકી, જતીન કોટડીયા, નિલેશભાઈ ઠુમ્મર, રાજુ ઝાલાવાડીયા, રજનીભાઈ ધોરાજીયા, દિનેશ હીરપરા, રાજુભાઈ ટીમાણીયા, તથા અન્ય સદસ્યઓ નનુભાઈ તળાવીયા હાજર રહી આ કાર્યક્રમ સફળ બનાવેલ તેમ કલબ યાદીમાં રાજુભાઈ પરીખ જણાવે છે.

## રાજુલામાં જન્માષ્ટમીની શોભાયાત્રા નીકળી



રાજુલા, તા. ૨૮

રાજુલા શહેરમાં વર્ષો પરંપરાગત મુજબ જન્માષ્ટમી ઉત્સવ કમિટી દ્વારા ભવ્ય શોભાયાત્રા રાજુલા શહેરના મુખ્ય માર્ગો ઉપર નીકળી હતી. ફલોટ સાથે ત્રણ કિલોમીટર લાંબી શોભાયાત્રા નીકળી હતી. જેમાં ભાવિક ભક્તો જોડાયા હતા.


રથયાત્રામાં વિવિધ સ્થળોએ પ્રસાદની વ્યવસ્થા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા કરવામાં આવી હતી. વિવિધ જગ્યાએ મટકી ફોડના કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં ભાવિક ભકતો જોડાયા હતા અને જય રણછોડ માખણ ચોરનો નાદ જોવા મળ્યો હતો.

આ તે રવુભાઈ ખુમાણ ઉપસ્થિત રહ્યા હતા. સાથે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા જે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિવાભાઈ ભાલીયા ભાવેશભાઈ ગુજરીયા રાજુભાઈ કાનાભાઈ ગોહિલ સહિતના યુવાનો દ્વારા પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ શોભાયાત્રા સ્વામિનારાયણ મંદિરથી શરૂ થઈ હતી અને હઠીલા હનુમાનજી મંદિરે સંપૂર્ણ અથવા પામી હતી.

### ૧૦ દિવસથી સર્પનો સળવળાટ

## બગસરાનાં આદપુરમાં વરસાદી વાતાવરણ વચ્ચે સર્પ નીકળતા દોડધામ

### ૨ વ્યકિતનઓને સર્પે દંશ માર્યો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૮

આમ જોઈએ તો વરસાદી વાતાવરણમાં જીવ જંતુઓ વધું જોવા મળતા હોય છે. ત્યારે બગસરા તાલુકાના આદપુર ગામે છેલ્લા ૧૦ દિવસમાં સર્પે બે લોકોને દંશ મારતા લોકોમાં ભય ફેલાયો. થોડા દિવસ પહેલા આદપુર ગામે આવેલ તલાટી કમ મંત્રીની ઓફિસમાં તલાટી મંત્રીને પણ સર્પે દંશ મારતા છેલ્લા દસ દિવસમાં બીજો બનાવ બન્યો. જેમાં આદપુર ગામે પાન બીડીની દુકાન ધરાવતા નવનીતભાઈ હરિભાઈ કેલૈયા સવારે દુકાન ખોલવા જતા હોય ત્યારે સર્પે પગમાં દંશ મારતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. છેલ્લા ૧૦ દિવસમાં બે લોકોને સર્પે દંશ મારતા લોકોમાં પણ ભય ફેલાયો છે.

ઘટનાની જાણ થતાં જ હરેશભાઈ કેલૈયા, વિરલભાઈ કેલૈયા સહિત લોકો દોડી આવ્યા હતા અને નવનીતભાઈ કેલૈયાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ત્યારે ગામ લોકોએ આવા જીવ જંતુઓ ગામની અંદર હોય તેને દૂર કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

### યુવક અને યુવતીનાં મૈત્રી કરારથી પરિવાર વચ્ચે માથાકૂટ

## સાવરકુંડલામાં મૈત્રી કરાર બાબતે યુવક અને યુવતિનાં પરિવારજનો વચ્ચે બઘડાટી

### યુવતિનાં એક પરિવારજનની હત્યા કરવામાં આવી

અમરેલી, તા. ૨૮

સાવરકુંડલા ગામે આવેલ કેવડાપરામાં રહેતા અને હીરાકામનું કામ કરતાં રણછોડભાઈ દેવશીભાઈ ખીમાણીયાની દિકરી કુંજલબેને તે જ વિસ્તારમાં રહેતા આરોપી વિજયભાઈ ભાવેશભાઈ સોલંકી સાથે દોઢ વર્ષ પહેલા મૈત્રી કરાર કરેલ હોય અને તેની સાથે રહેતી હોય. જેથી તેણીના પિયર પક્ષને તેના સાથે આવરો–જાવરો ન હોય છતાં આરોપી વિજય રત્નકલાકારના ઘર આગળ નિકળી મુકેશભાઈ સામે કાતરો મારતો હોય. જેથી તેને સમજાવવા જતા આરોપીઓ વિજયભાઈ ભાવેશભાઈ સોલંકી, ભાવેશભાઈ બાલાભાઈ સોલંકી, કેશાભાઈ બાલાભાઈ સોલંકી, વિક્રમભાઈ ભાવેશભાઈ સોલંકીને સારૂ નહી લાગતા આરોપીએ રત્નકલાકારના ભાઈ સુરેશભાઈ દેવશીભાઈ ખીમાણીયાને જમણા પડખામાં છરીનો એક ઘા મારી જીવલેણ ઈજા કરી મોત નિપજાવી તેમજ દેવશીભાઈને ડાબા ખંભાના ભાગે મારી નાખવાના ઈરાદે ગંભીર ઈજા કરી તેમજ મુકેશભાઈને પણ ડાબા ખંભાના ભાગે મારી નાખવાના ઈરાદે કુહાડીથી ગંભીર ઈજા કરી તથા શરીરે મુંઢ ઈજાઓ કરી તેમજ મુકેશભાઈ (ઉકાભાઈ) કાળુભાઈ ખીમાણીયાને લોંખડની પાઈપની માથામાં ઈજા કરી આરોપીઓએ રત્ન કલાકાર સહિતનાઓને ગાળો આપી પોતાનો સમાન ઈરાદો પાર પાડી, હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કર્યા અંગેની ફરિયાદ નોંધાઈ છે.

આ જ બનાવમાં સામાપક્ષે વિજય ઉર્ફે ભુરો ભાવેશભાઈ સોલંકી પણ સામાવાળા કમલેશભાઈ ઉર્ફે મગનભાઈ ખીમાણીયા, મુકેશભાઈ ઉર્ફે ઉકાભાઈ કાળુભાઈ ખીમાણીયા, મનોજભાઈ નનકુભાઈ ખીમાણીયા, મુકેશભાઈ દેવશીભાઈ ખીમાણીયા, દેવશીભાઈ ખીમાણીયા, સુરેશભાઈ દેવશીભાઈ ખીમાણીયા સહિતનાઓ સામે ગાળો આપી કુહાડીનો એક ઘા માથામા મારી લોખંડના પાઈપથી માથામાં ઘા મારતા આશરે સાત–આઠ ટાંકાની ઈજા કરી પોતાના પિતાને શરીરે મુંઢ માર મારી તેમજ પોતાના ભાઈ વિક્રમભાઈ સાથે પણ આરોપીઓએ મારામારી કર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

# લીલીયા મોટા ખાતે વરસાદી માહોલમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી



લીલીયા મોટા ખાતે જન્માષ્ટમી પર્વને લઈ કૃષ્ણ ભક્તોમાં અનેરો ઉત્સાહક જોવા મળ્યો હતો ગતરાત્રિના વરસાદી માહોલ વચ્ચે બાલકૃષ્ણલાલજીની હવેલી, રામજી મંદિર ખાતે બાલકૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત કૃષ્ણ ભક્તોએ નંદઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી ના નાદ સાથે નંદ ભૈયાનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ આજે બપોર બાદ વરસતા વરસાદમાં રામજી મંદિર ખાતેથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં યુવાનો અને ગ્રામજનો જોડાયા હતા અને ડી.જે.ના તાલે ભક્તજનો જુમી ઉઠેલ આ શોભાયાત્રા મેઈન બજાર, નાવલી બજાર, લાઠી રોડ, કિકાણી પ્લોટ સહિતના વિસ્તારમાં ફરી હતી જેમાં વિવિધ સ્થળોએ લગાવેલ મટકી ફોડ વાનો યુવાનોએ આનંદ માણ્યો હતો સાથે સાથે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે લીલીયા પી.એસ.આઈ. એસ.આર. ગોહિલની સૂચના મુજબ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ગુજરાતમાં ભારે વરસાદ બાદની સ્થિતિ અંગે ચર્ચા

# મોદીએ CM ભૂપેન્દ્ર પટેલ સાથે કરી ટેલીફોનિક વાતચીત

## ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, મોટાભાગના વિસ્તારોમાં તબાહી મચાવી છે

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતેમાં રાજય શનિવારથી લઈને ચાર દિવસ સુધી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાએ તબાહી મચાવી છે, સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લા અને દક્ષિણથી લઈને ઉત્તર ગુજરાત સુધી પાણી પાણી થઈ ગયા છે. લોકોના જાનમાલને ભારે નુકસાન પહોંચ્યુ છે, પશુધનથી લઈને ઘરો-દુકાનો અને ધંધા પર અસર પડી છે. ત્યારે આ બધાની વચ્ચે હવે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ભારે વરસાદ બાદ સમગ્ર સ્થિતિ અંગે આજે બુધવારે ટેલિફોનિક વાતચીત કરી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે એક્સ પર પૉસ્ટ કરીને આ વાતની માહિતી આપી છે. તેમને લખ્યુ કે, ગુજરાતમાં વરસાદી આફતને લઈને મોદી સાથે ટેલિફૉનિક વાતચીત થઈ છે અને તમામ સહાય તેમજ મદદ પુરી પાડવાની ખાતરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પૉસ્ટ કરીને લખ્યું કે, માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં અતિભારે વરસાદની સ્થિતિને લઈને મારી સાથે ટેલીફોનિક વાતચીત કરીને રાહત-બચાવ કામગીરીની ઝીણવટભરી વિગતો મેળવી. તેમણે નાગરિકોના જાનમાલ તેમજ પશુધનના રક્ષણ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું તેમજ ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી તમામ જરૂરી સહયોગ અને મદદ પુરી પાડવાની ખાતરી આપી છે. પ્રધાનમંત્રીએ ગુજરાતની સ્થિતિ પર સતત ધ્યાન રાખી રહ્યા છે. ગુજરાતના લોકો પ્રત્યે તેમના હૃદયમાં ઊંડો સ્નેહભાવ છે. કુદરતી આફતની આ વેળાએ અને જ્યારે પણ જરૂર હોય ત્યારે તેઓ હંમેશા ગુજરાત અને ગુજરાતના લોકોની પડખે ઉભા રહીને હૂંફ અને બહુમૂલ્ય માર્ગદર્શન આપતા રહે છે.

### જામનગરમાં જળબંબાકાર જેવી સ્થિતિ

# જામનગરમાં MP પૂનમબેન અને MLA રીવાબા પુરગ્રસ્ત વિસ્તારમાં પહોંચ્યા

## જામનગકરના વોર્ડ નંબર ૨માં આવેલા પુનિતનગર વિસ્તારમાં પાણી ફરી વળતા ૫૦ જેટલા લોકોનું રેસ્ક્યૂ

જામનગર,તા.૨૮

ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં સાંબેલાધાર વરસાદ વરસતા લોકો હવે મેઘરાજા ખમૈયા કરે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. જામનગર શહેર અને જિલ્લામાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જામનગકરના વોર્ડ નંબર ૨માં આવેલા પુનિતનગર વિસ્તારમાં પાણી ફરી વળતા ૫૦ જેટલા લોકોનું રેસ્ક્યૂ કરાયું હતું. રેસ્ક્યૂ ટીમ સાથે ધારાસભ્ય રિવાબા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સાંસદ પૂનમબેન માડમ અને શહેરના મેયર વિનોદ ખીમસુરીયાએ રેસ્ક્યૂ ટીમ સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. જામનગરના ગ્રામ્ય વિસ્તાર લાલપુર અને જામજોધપુરમાં પણ ધોધમાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ વરસતા પાણી ભરવાની સમસ્યા સર્જાઈ છે. ઘરની બહાર નિકળવું મુશ્કેલ બન્યું છે. ભીમવાસ વિસ્તારમાં પાણી ભરાયા છે તો રોડ પર કમર સુધી પાણી ભરાયા છે. લોકોના ઘરોમાં પાણી ઘુસી જતા હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

લોકોના જનજીવન પર અસર પડી રહી છે. જામનગર શહેરના પૂનિતનગરમાં પણ કેડ સમા પાણી ભરાયા છે.છેલ્લા બે દિવસથી જામનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પાણી ભરાતા જન જીવન ઠપ થયું છે. લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તંત્ર દ્વારા પંપ મૂકીને પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. જામનગર મહાનગર પાલિકા દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પેકેટ અને પાણી પહોંચાડવામાં આવ્યું છે. બીજી તરફ જામનગરને પાણી પુરૂ પાડતો રણજીતસાગર ડેમ પણ ઓવરફ્લો થયો છે.

### રાજયમાં સિઝનનો ૧૦૫ ટકા વરસાદ પડયો

# ૨૪ કલાકમાં દ્વારકાના ખંભાળિયામાં ૧૮ ઈંચ

## કચ્છમાં સિઝનનો ૧૨૬ ટકા વરસાદ પડી ચુક્યો છે

અમદાવાદ, તા.૨૮

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં ગત ત્રણ દિવસથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. હજુ પણ આગામી બે થી ત્રણ દિવસ માટે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકામાં સૌથી વધુ ૧૮ ઈંચ કરતા પણ વધારે વરસાદ વરસ્યો છે. જ્યારે, સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માત્ર ૨૪ કલાકમાં અધધ ૧૨ ઈંચથી વધુ, જામનગર જિલ્લામાં ૧૧ ઈંચથી વધુ અને પોરબંદર જિલ્લામાં ૯ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જામનગર તાલુકામાં ૧૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જામનગરના જામજોધપુર અને લાલપુર તાલુકામાં પણ ૧૩ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જામનગરના કાલાવડ અને પોરબંદરના રાણાવાવ તાલુકામાં ૧૧ ઈંચથી વધુ, દેવભૂમિ દ્વારકાના ભાણવડ, કલ્યાણપુર અને દ્વારકા તાલુકા ઉપરાંત રાજકોટના કોટડા સાંગાણી તાલુકામાં તથા પોરબંદર તાલુકામાં ૧૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે, રાજકોટ તાલુકા ૯ ઈંચથી વધુ વરસાદ થયો છે. આ ઉપરાંત મોરબીના વાંકાનેર અને ટંકારા તાલુકામાં, જુનાગઢના વિસાવદર, વંથલી, માણાવદર, મેંદરડા અને કેશોદ તાલુકા ઉપરાંત રાજકોટના ઉપલેટા તાલુકામાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં સમગ્ર રાજ્યના કુલ ૨૫૦ તાલુકામાં સરેરાશ ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને પાર કરીને ૧૦૫ ટકા સુધી પહોંચ્યો છે. આ વર્ષે કચ્છ ઝોનમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૨૫ ટકાથી વધુ અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૧૬ ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૦૯ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૦૨ ટકાથી વધુ, જ્યારે, ઉત્તર ગુજરાતમાં હજુ સુધી ૮૪ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

### વરસાદના કારણે અનેક વિસ્તાર જળબંબાકાર

# પુરગ્રસ્ત વિસ્તારોમાં લોકોની મદદ માટે ભાજપે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

## ગુજરાતમાં લોકોની મદદ માટે ભાજપ દ્વારા હેલ્પ લાઇન નંબર ૦૭૯- ૨૩૨૭૬૯૪૩ ૦૭૯-૨૩૨૭૬૯૪૪ શરૂ કરાયો

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી સાંબેલાધાર વરસાદ વરસતા લોકો હવે મેઘરાજા ખમૈયા કરે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં આજે પણ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જામનગર શહેર અને જિલ્લામાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં પૂરના કારણે સર્જાયેલી સ્થિતિ અંગે વડાપ્રધાને મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક વાતચીત કરી જરૂરી માહિતી મેળવી હતી અને માર્ગદર્શન આપ્યું હતું. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ કોંગ્રેસી કાર્યકર્તાઓને પૂરગ્રસ્ત લોકોની મદદ કરવા અપીલ કરી છે. બીજી તરફ ભાજપે પણ રાજયમાં અસરગ્રસ્ત જિલ્લાઓમાં લોકોની મદદ માટે હેલ્પલાઈન નંબર શરૂ કર્યો છે. છેલ્લા ત્રણ દિવસથી રાજયમા મેઘ મહેરથી ઘણા જીલ્લાઓ અસરગ્રસ્ત થયા છે અને વધુ પડતા વરસાદના કારણે ઘણા પરિવારજનોને રેસ્ક્યુ કરી સલામત સ્થળે લઈ જવાનો પ્રયાસ કરવાની ફરજ પડી છે. રાજય સરકાર સતત સ્થિતિની માહિતી લઈ જરૂરીયાત મંદોને મદદ પહોંચડાવાનુ કામ કરી રહી છે તેમજ ઘણા અસરગ્રસ્ત જીલ્લામા લોકોની સહાય માટે NDRF-SDRF સહિત કેન્દ્રની એજન્સીઓની ટીમ પણ કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામા આવી છે.

રાજયમા હાલની સ્થિતિને પગલે ભાજપા પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલે પણ અસરગ્રસ્ત વિસ્તારમા લોકોની સહાય માટે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા હેલ્પ લાઈનની શરૂઆત કરી છે જેનો નંબર ૦૭૯- ૨૩૨૭૬૯૪૩ તેમજ ૦૭૯-૨૩૨૭૬૯૪૪ છે. ભાજપાના કાર્યકર્તાઓ અસરગ્રસ્ત વિસ્તારમા જરૂરીયાત મંદ પરિવારની મદદને આવે તે માટે પણ પ્રદેશ અધ્યક્ષે સૂચના આપી છે. જે જીલ્લામા ભારે વરસાદ વરસી રહ્યો હોય ત્યા નાગરીકો બીન જરૂરી બહાર જવાનુ ટાળે તેવી વિનંતી પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે વિનંતી કરી છે.

### રેલ્વેને પાટા પરથી ઉતારવાની ધમકી

# અક્ષરધામ હુમલાના આતંકવાદીએ ભારતની ટ્રેનોની ઉડાડવાની આપી ધમકી

## આતંકી ફરહતુલ્લા ઘોરીના વીડિયોએ ચિંતા વધારી

નવી દિલ્હી, તા.૨૮

ભારતમાં છેલ્લા કેટલાક સમયથી થતા મોટાભાગના આતંકી હુમલાઓ જમ્મુ કાશ્મીર અને આસપાસના વિસ્તારોમાં જ થાય છે પરંતુ એક મોટો અને શંકાસ્પદ હુમલો ભારતના દક્ષિણ છેવાડે રામેશ્વરમમાં થયો હતો અને આ હુમલાએ ગુપ્તચર એજન્સીઓની ઉંઘ ઉડાડી દીધી હતી. પ્રખ્યાત રામેશ્વરમ કેફેમાં બોમ્બ બ્લાસ્ટની જવાબદારી પાકિસ્તાન સ્થિત એક આતંકવાદી ફરહતુલ્લા ઘોરીએ સ્વીકારી હતી. હવે ફરી ઘોરીએ ભારતીય રેલવેને ટાર્ગેટ કરવાનો પ્લાન ઘડ્યો છે.

૧૫મી ઓગસ્ટથી દિવાળી સુધી હવે તહેવારોની સીઝનને કારણે ભારતમાં ગુપ્તચર એજન્સીઓ આજકાલ હાઈ એલર્ટ મોડ પર જ હોય છે. તેવામાં આતંકી ફરહતુલ્લા ઘોરીનો વધુ એક વીડિયો એજન્સીઓની ચિંતામાં વધારો કરનારો છે.

આ વીડિયોમાં ઘોરી ભારતમાં સ્લીપર સેલ દ્વારા દેશભરની ટ્રેનો પર હુમલા કરવાની વાત કરી રહ્યો છે. ભારતમાં ભાગેડુ જાહેર થયા બાદ ઘોરી પાકિસ્તાનમાં રહે છે. પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસ ઈન્ટેલિજન્સની મદદથી સ્લીપર સેલ દ્વારા બેંગ્લોરમાં રામેશ્વરમ કાફેમાં બ્લાસ્ટની યોજના ઘડી હતી. મળતા રિપોર્ટ અનુસાર આતંકવાદી ફરહતુલ્લા ઘોરીએ સ્લીપર સેલની મદદથી ભારતમાં રેલવે નેટવર્કને પાટા પરથી ઉતારવાની હાકલ કરી છે. વીડિયોમાં તે પ્રેશર કૂકરનો ઉપયોગ કરીને બોમ્બ વિસ્ફોટ કરવાની વિવિધ પદ્ધતિઓ વિશે વાત કરતો જોવા મળે છે. પેટ્રોલ અને ગેસની પાઈપલાઈન ઉડાડવાની પણ વાત કરી રહ્યો છે. ઘણા હિંદુ નેતાઓ પણ આતંકીના નિશાને છે. વીડિયોમાં ઘોરી કહી રહ્યો છે કે, “ભારત સરકાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સી દ્વારા મારી મિલકતોને ટાર્ગેટ કરીને સ્લીપર સેલને નબળી બનાવી રહ્યાં છે પરંતુ અમે પાછા આવીશું અને સરકારને હલાવીશું.” રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ વીડિયો લગભગ ત્રણ અઠવાડિયા પહેલા ટેલિગ્રામ પર રીલિઝ કરવામાં આવ્યો હતો.

મંદિર હુમલામાં પણ તેનો હાથ હતો. આ હુમલામાં ૩૩થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૮૦ લોકો ઘાયલ થયા હતા. હૈદરાબાદમાં ટાસ્ક ફોર્સની ઓફિસ પર ૨૦૦૫માં થયેલા આત્મઘાતી હુમલા પાછળ પણ તેનો હાથ હતો.

દિલ્હી પોલીસે ગયા વર્ષે રાષ્ટ્રીય રાજધાની અને ઉત્તર પ્રદેશમાંથી ત્રણ મોસ્ટ-વોન્ટેડ આતંકવાદીઓની ધરપકડ કર્યા બાદ કહ્યું હતું કે ઘોરી ઓનલાઈન જેહાદી ભરતીનું આયોજન કરી રહ્યો હતો.

પોલીસે ખુલાસો કર્યો હતો કે ઘોરી આતંકીઓનો હેન્ડલર હતો. થોડા મહિનાઓ પહેલા દિલ્હી પોલીસે પૂણે-આઈએસઆઈએસ મોડ્યુલના દેશભરમાંથી અનેક આતંકવાદીઓની ધરપકડ કરીને ઘોરીનું નામ રેકોર્ડમાં લીધું હતું.

### કેન્દ્ર સરકાર વધુ એક નિર્ણય લેવાની તૈયારીમાં

# તહેવાર પહેલા ખાદ્યતેલના ભાવમાં વધારો થઈ શકે છે

## સરકાર ખાદ્યતેલોની આયાત પર ડ્યુટીમાં વધારો કરી શકે

નવી દિલ્હી, તા.૨૮

મધ્ય પ્રદેશના વેપારીઓના દબાણમાં કેન્દ્ર સરકાર વધુ એક નિર્ણય બદલી શકે છે. કેન્દ્ર સરકાર હવે ખાદ્યતેલોની આયાત પર ડ્યુટીમાં વધારો કરી શકે છે. જેના કારણે તહેવાર પહેલા ખાદ્યતેલના ભાવમાં વધારો જોવા મળી શકે છે. અગાઉ, રાજયના વેપારીઓના દબાણમાં, સરકારે કાબુલી ચણા પરની સ્ટોક મર્યાદા દૂર કરવાનો નિર્ણય લીધો હતો.

કેન્દ્રીય કૃષિ મંત્રાલયે ખાદ્યતેલો પરની આયાત જકાત વધારવાનું પણ સૂચન કર્યું છે. મંત્રાલયે તેની પાછળનું કારણ સ્વદેશી તેલિબિયાં ઉત્પાદકોના હિતોનું રક્ષણ કરવાનું જણાવ્યું છે.

હાલમાં જ સોયાબીન પ્રોસેસર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (SOPA)ના અધ્યક્ષ ડેવિસ જૈન દિલ્હી પહોંચ્યા હતા. તેઓ અહીં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને મળ્યા હતા. સંગઠન લાંબા સમયથી આયાતી તેલ પર ડ્યુટી વધારવાની માગ કરી રહી છે.

એસોસિએશનનું કહેવું છે કે, આનાથી ખેડૂતો તેમના ઉત્પાદનોની લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) મેળવી શકશે અને સ્વદેશી તેલ ઉદ્યોગને વેગ મળશે. હાલમાં ક્રૂડ પામ ઓઈલ, સોયાબીન ઓઈલ અને ક્રૂડ સનફ્લાવર ઓઈલ પર ૫.૫ ટકા આયાત ડ્યુટી લાગુ છે. જેમાં સેસ પણ સામેલ છે. તેવી જ રીતે, રિફાઈન્ડ ખાદ્ય તેલ પર ૧૩.૭૫ ટકા કસ્ટમ ડ્યુટી લાગુ છે.

મધ્યપ્રદેશમાં ખેડૂતો સોયાબિનના ઘટતા ભાવથી નારાજ છે. ખેડૂતોનું માનવું છે કે જ્યાં સુધી કસ્ટમ ડ્યુટીમાં વધારો નહીં થાય ત્યાં સુધી તેલિબિયાંનું ઉત્પાદન વધારવા ખેડૂતોને પ્રોત્સાહન મળશે નહીં. અગાઉ રાજયના વેપારીઓની માગ પર કાબુલી ચણા પરની સ્ટોક લિમિટ દૂર કરવામાં આવી હતી. હવે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં રૂ. ૬૮૦૦ કરોડના રાષ્ટ્રીય તેલિબિયાં મિશનની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. આવી સ્થિતિમાં સરકાર સ્થાનિક ઉત્પાદનના સારા ભાવ મેળવવા માટે આયાત ડ્યૂટી વધારી શકે છે.

### હું તો ભાજપના રાજકારણમાં નાના લેવલે છું : કંગના

# ખેડૂતો અંગે વિવાદિત નિવેદન પછી કંગનાએ માફી માંગી

## મારા કારણે ભાજપને અજાણતા કોઈ નુકસાન થયું હોય તો મારાથી વધુ કોઈને દુઃખ નહીં થાય એ માટે પણ હું દિલગીર છું : કંગના

નવી દિલ્હી, તા.૨૮

બોલિવૂડ અભિનેત્રી અને ભાજદ સાંસદ કંગના રનૌતે ખેડૂતો અંગે વિવાદાસ્પદ નિવેદન કર્યા બાદ પોતાના પક્ષ અને ખેડૂતોની પણ માફી માંગી છે. આ દરમિયાન કંગનાએ એમ પણ કહ્યું છે કે, મારા કારણે ભાજપને અજાણતા કોઈ નુકસાન થયું હોય તો મારાથી વધુ કોઈને દુઃખ નહીં થાય. એ માટે પણ હું દિલગીર છું. કંગના રનૌતે કહ્યું કે, ‘હું ભાજપના રાજકારણમાં નાના લેવલે છું, પાર્ટીનું નેતૃત્વ મોટું છે, જેની આપણે કલ્પના પણ ન કરી શકીએ. અમે નાના લેવલ પર વિચારી શકતા નથી કે શું થશે. રાષ્ટ્ર જ રહેવું જોઈએ. જો મેં કોઈપણ રીતે કોઈને દુઃખ પહોંચાડ્યું હોય, તો હું દિલગીર છું. જો કે મને જે રીતે ધમકીઓ આપવામાં આવી રહી છે, તે ક્રિમિનલ્સનું કામ છે. તેઓ ખેડૂતો હોય તેવું મને લાગતું નથી. આ લોકો મારા પર દબાણ લાવીને મને ચૂપ કરવા માંગે છે.’ ઉલ્લેખનીય છે કે, કંગનાએ ખેડૂત આંદોલન અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યા બાદ દેશભરમાં તેમની ટીકા કરવામાં આવી હતી. ખેડૂત સંગઠનો દ્વારા કંગનાના પુતળાનું દહન કરી આવેદન પણ આપવામાં આવ્યું હતું. તો વિપક્ષોએ પણ કંગનાના નિવેદન મુદ્દે રોષ વ્યક્ત કરી ભાજપ પર નિશાન સાધ્યું હતું. આ ઉપરાંત કંગનાને માનહાનિની નોટીસ પણ મોકલવામાં આવી હતી.

વાસ્તવમાં ભાજપ સાંસદે ખાનગી સમાચાર એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં આંદોલન કરી રહેલા ખેડૂતો પર નિશાન સાધ્યું હતું. કંગનાએ કહ્યું હતું કે, પંજાબમાં ખેડૂત આંદોલનના નામે હિંસા ફેલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત ત્યાં દુષ્કર્મ અને હત્યાઓ જેવી પણ ઘટનાઓ બની રહી છે. આ તો કિસાન બિલ પરત ખેંચી લેવાયું, નહીં તો આ લોકોએ લાંબું પ્લાનિંગ કર્યું હતું. આ લોકો કંઈપણ અને કોઈપણ હદે જઈ શકતા હતા. જો કેન્દ્ર સરકાર મજબૂત ન હોત તો ખેડૂત આંદોલન વખતે પંજાબ પણ બાંગ્લાદેશ બની ગયું હોત.

### ક્યાંક ફાયરિંગ તો ક્યાંક આગચંપી

# બંગાળમાં બંધના એલાનની વચ્ચે અથડામણ જેવા કિસ્સા સામે આવ્યા

## પશ્ચિમ બંગાળમાં ભાજપના નેતા પર ફાયરિંગની ઘટના

કોલકાતા, તા.૨૮

કોલકાતાની આર જી કર હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યાનો કેસ હજુ પણ ચર્ચામાં છે. આ ઘટનાના વિરોધમાં મમતા બેનરજીના સીએમ પદેથી રાજીનામાની માગ સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ માર્ગો પર ઊતર્યા હતા. ત્યારે ભાજપે પણ આજે બંધના એલાનની જાહેરાત કરી દીધી હતી. જેના પગલે સમગ્ર રાજ્યમાં હિંસા અને ફાયરિંગ અને દેખાવો દરમિયાન અથડામણ જેવી ઘટનાઓના કિસ્સા સામે આવવા લાગ્યા છે.

બંગાળમાં ભાજપે બંધના એલાન દરમિયાન ભાટપાડામાં ભાજપના સ્થાનિક નેતા પ્રિયાંગુ પાંડેના વાહન પર ફાયરિંગની ઘટના બની હોવાના અહેવાલ છે. ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ દાવો કર્યો હતો કે ટીએમસીના કાર્યકરોએ જ આ ઘટનાને અંજામ આપ્યો છે. ડ્રાઈવરને ગોળી વાગી હતી.

બીજી તરફ હેમતાબાદ સહિત અનેક વિસ્તારોમાંથી આગચંપીના અહેવાલ સામે આવી રહ્યા છે. અનેક જગ્યાએ છમકલાં વચ્ચે અનેક લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે જેમને હોસ્પિટલ લઈ જવાયા હતા. નાદિયા જિલ્લાની વાત કરીએ તો અહીં ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ભારે અથડામણ જોવા મળી હતી. ભાજપના નેતા કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું કે પશ્ચિમ બંગાળમાં પોલીસ, અસામાજિક તત્વો અને રાજકારણીઓની સાંઠગાંઠ છે. પોલીસની ગાડીમાં બળાત્કારી ફરી રહ્યા છે? શરમજનક બાબત છે કે જ્યાં મહિલા મુખ્યમંત્રી હોય ત્યાં મહિલાઓ સુરક્ષિત નથી. તેમને ખુરશી પર રહેવાનો કોઈ અધિકાર નથી. આજના સમયમાં હિટલર પછી જો કોઈ સરમુખત્યાર હોય તો તે મમતા બેનરજી છે.

બીજી બાજુ ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ તેમના અંદાજમાં કહ્યું કે ભાજપના ગુંડા બળજબરીપૂર્વક સ્કૂલો બંધ કરાવી રહ્યા છે. મોઈત્રાએ કહ્યું કે એવી પાર્ટીથી આશા ન રાખશો જેમના નેતા પાસે રાજકારણના વિજ્ઞાનમાં મિસ્ટ્રી ડિગ્રી છે.

બીજી બાજુ બંગાળમાં ભાજપના બંધની આંશિક અસર દેખાઈ છે. રાજ્યમાં અનેક જગ્યાએ બસ સેવાઓ પ્રભાવિત થઈ હતી. ભાજપના બંધના એલાન વચ્ચે સરકારી બસોના ડ્રાઈવરો સુરક્ષા માટે હેલમેટ પહેરીને ડ્રાઈવિંગ કરતા દેખાયા હતા. એક બસ ડ્રાઈવરે તેના પર કહ્યું કે સરકાર તરફથી અમને સુરક્ષા માટે આ પગલું લેવા ભલામણ કરાઈ હતી.

### ખાનગી એફએમ રેડિયો શરૂ કરવા સરકારની મંજુરી

# દેશમાં ૨૩૪ શહેરોમાં નવા ખાનગી FM રેડિયો શરૂ થશે

## રૂ.૭૮૪.૮૭ કરોડની અંદાજિત અનામત કિંમત સાથે ૭૩૦ ચેનલો માટે આરોહણ ઇ-હરાજીની ત્રીજી બેચ હાથ ધરવાની દરખાસ્તને મંજૂરી

નવી દિલ્હી,તા.૨૮

દેશમાં ખાનગી એફએમ ચેનલોની વધતી જતી લોકપ્રિયતા અનેક ભારતીય ભાષાઓમાં ૩૮૦થી વધુ અને દેશના મોટાભાગના રાજ્યોમાં લોકોને નીતિઓ અને કાર્યક્રમો વિશે માહિતી આપવા માટે કેન્દ્ર સરકાર માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ખાનગી એફએમ રેડિયોના પ્રથમ તબક્કાની નીતિ અંતર્ગત રૂ.૭૮૪.૮૭ કરોડની અંદાજિત અનામત કિંમત સાથે ૨૩૪ નવા શહેરોમાં ૭૩૦ ચેનલો માટે આરોહણ ઈ-હરાજીની ત્રીજી બેચ હાથ ધરવાની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે. નવા ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે, જેમાં ઘણાં મહત્ત્વાકાંક્ષી, એલડબલ્યુઈ અસરગ્રસ્ત અને સરહદી વિસ્તારો સામેલ છે.

રાજયવાર શહેરો-નગરોની યાદી અને નવી હરાજી માટે મંજૂર થયેલી ખાનગી એફએમ ચેનલ્સની સંખ્યાને પરિશિષ્ટ તરીકે જોડવામાં આવી છે. મંત્રીમંડળે ગુડ્સ એન્ડ સર્વિસ ટેકસ (જીએસટી)ને બાદ કરતાં એફએમ ચેનલની વાર્ષિક લાઈસન્સ ફી (એએલએફ) કુલ આવકના ૪ ટકા તરીકે લેવાની દરખાસ્તને પણ મંજૂરી આપી હતી. આ ૨૩૪ નવા શહેરો/નગરો માટે લાગુ થશે. ૨૩૪ નવા શહેરો/નગરોમાં ખાનગી એફએમ રેડિયો રોલઆઉટ આ શહેરો/કસ્બાઓમાં એફએમ રેડિયોની અવિરત માગને પૂર્ણ કરશે, જે હજુ પણ ખાનગી એફએમ રેડિયો પ્રસારણ દ્વારા ખુલ્લી રાખવામાં આવી છે અને માતૃભાષામાં નવી/સ્થાનિક સામગ્રી લાવશે.

તે રોજગારીની નવી તકોનું સર્જન કરવા, સ્થાનિક બોલી અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા તરફ દોરી જશે તથા ‘વોકલ ફોર લોકલ’ પહેલો તરફ દોરી જશે. માન્ય થયેલા ઘણાં શહેરો/કસ્બાઓ મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને એલડબલ્યુઇ (ન્ઉઈ) અસરગ્રસ્ત વિસ્તારોમાં છે. આ ક્ષેત્રોમાં ખાનગી એફએમ રેડિયોની સ્થાપનાથી આ વિસ્તારોમાં સરકારની પહોંચ વધુ મજબૂત થશે.

૧) એડોનીમાં ૩ ચેનલો, ૨) અનંતપુરમમાં ૩ ચેનલો, ૩) ભીમાવરમમાં ૩ ચેનલો, ૪) ચિલાકાલુરીપેટમાં ૩ ચેનલો, ૫) ચિરાલામાં ૩ ચેનલો, ૬) ચિત્તૂરમાં ૩ ચેનલો, ૭) કુડાપાહમાં ૩ ચેનલો, ૮) ધર્મવરમમાં ૩ ચેનલો, ૯) એલુરુમાં ૩ ચેનલો, ૧૦) ગુંટાકાલમાં ૩ ચેનલો, ૧૧) હિન્દુપુરમાં ૩ ચેનલો, ૧૨) કાકીનાડામાં ૪ ચેનલો, ૧૩) કુર્નૂલમાં ૪ ચેનલો, ૧૪) માચિલીપટ્ટનમમાં ૩ ચેનલો, ૧૫) મદનાપાલેમાં ૩ ચેનલો, ૧૬) નંધાલમાં ૩ ચેનલો, ૧૭) નરસારાઓપેટમાં ૩ ચેનલો, ૧૮) ઓંગોલમાં ૩ ચેનલો, ૧૯) પ્રોડ્ડાતુરમાં ૩ ચેનલો, ૨૦) શ્રીકાકુલમ ૩ ચેનલો, ૨૧) તાડપેત્રીમાં ૩ ચેનલો, ૨૨) વિઝિયાનગરમમાં ૩ ચેનલો ઉપલબ્ધ થશે. આસામમાં ૬ નગરમાં ત્રણ ત્રણ ચેનલો ઉપલબ્ધ થશે. બિહારમાં ૧૮ નગરોમાં ત્રણ અને અમુક શહેરોમાં ચાર ચેનલો ઉપલબ્ધ થશે.

છત્તીસગઢમાં ત્રણ શહેરોમાં ત્રણ ત્રણ ચેનલો ઉપલબ્ધ થશે. ગુજરાતમાં ૮ શહેરોમાં ત્રણ ત્રણ ચેનલો ઉપલબ્ધ થશે. આ રીતે હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, કેરળ, લક્ષદ્વીપ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ત્રિપુરા, ઉત્તર પ્રદેશઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ દરેકના શહેરોમાં ત્રણ ત્રણ ચેનલો ઉપલબ્ધ થશે.

# બગસરામાં મુંજીયાસર ડેમ તથા અલગ અલગ વિસ્તારોમાં એનડીઆરએફની ટીમો દ્વારા મુલાકાત



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરામાં મુંજીયાસર ડેમ તથા અલગ અલગ વિસ્તારોમાં એનડીઆરએફની ટીમ દ્વારા મુલાકાત લીધી (સમીર વિરાણી દ્વારા) ગુજરાતમાં હવામાન ખાતાએ રેડ એલર્ટ જાહેર કરી ભારે વરસાદની આગાહીને કારણે ઊભી થનાર સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં સમિક્ષા બેઠક યોજવામાં આવી છે ત્યારે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું બગસરા શહેરના . મુંજિયાસર ડેમ ના પાણીના પ્રવાહ ની વિસ્તૃત માહિતી અને તેનું અવલોકન કર્યું આ ઉપરાંત બગસરાના અલગ અલગ વિસ્તારમાં એનડીઆરએફ ની ટીમે મુલાકાત કરવામાં આવી.

### એકાઉન્ટ્સ સ્કીમના નામ બદલવાની ૧૦મી વર્ષગાંઠ છે

## મોદી સરકારે બેંકોને સામાન્ય લોકોના પૈસા લૂંટવાનું સાધન બનાવી દીધી છે:મલ્લિકાર્જુન ખડગે

**અંદાજે ૧૦ કરોડ જેટલા જનધન બેક્ક ખાતા બંધ કરાયા છે કે કેમ તેવો પ્રશ્ન ઉઠાવ્યો છે. મોટા ભાગે મહિલાઓના ખાતા છે**

નવી દિલ્હી,તા.૨૮

કોંગેરોસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ મોદી સરકાર પર નિશાન સાંધતા કહ્યું હતું કે સરકારે બેંકોને લોકોના પૈસા લૂંટવાનું સાધન બનાવી છે! વધુમાં તેમણે અંદાજે ૧૦ કરોડ જેટલા જનધન બેક્ક ખાતા બંધ કરાયા છે કે કેમ તેવો પ્રશ્ન ઉઠાવ્યો છે. મોટા ભાગે મહિલાઓના ખાતા છે. આ અંગે તેમણે અન્ય કેટલાક પ્રશ્નો પણ ઉઠાવ્યા છે.

અમારા ત્રણ પ્રશ્નો –

૧શું એ સાચું નથી કે ૧૦ કરોડથી વધુ જનધન બેંક ખાતા બંધ કરવામાં આવ્યા છે, જેમાંથી લગભગ ૫૦% બેંક ખાતા મહિલાઓના છે? તેમાંથી ડિસેમ્બર ૨૦૨૩ સુધી ૧૨,૭૭૯ કરોડ જમા થયા હતા. કુલ જનધન ખાતાના ૨૦% બંધ કરવા માટે કોણ જવાબદાર છે?

૨શું એ સાચું નથી કે છેલ્લા ૯ વર્ષમાં જન ધન ખાતામાં સરેરાશ બેલેન્સ ૫૦૦૦ રૂપિયાથી ઓછું એટલે કે માત્ર ૪,૩૫૨ રૂપિયા છે? ભાજપની કમરતોડ મોંઘવારીમાં ગરીબ વ્યક્તિ આટલા પૈસાથી કેવી રીતે જીવી શકે? ૩એ સાચું નથી કે જનરલ એકાઉન્ટ્સ અને જન-ધન એકાઉન્ટ્સને જોડીને, મોદી સરકારે ૨૦૧૮ થી ૨૦૨૪ સુધીમાં ઓછામાં ઓછા ૪૩,૫૦૦ કરોડની લૂંટ માત્ર વધારાના એટીએમ ટ્રાન્ઝેક્શન્સ, લઘુત્તમ બેલેન્સ ન હોવાના એસએમએસ ચાર્જ દ્વારા લૂંટી છે? (સંસદમાં આપેલા જવાબો મુજબ)

આજે કોંગ્રેસ-યુપીએની નો ફ્રિલ્સ એકાઉન્ટ્સ સ્કીમના નામ બદલવાની ૧૦મી વર્ષગાંઠ છે જે અંતર્ગત માર્ચ ૨૦૧૪ સુધીમાં ૨૪.૩ કરોડ ગરીબો માટે બેંક ખાતા ખોલવામાં આવ્યા હતા. મોદી સરકાર આજે શું ડંકો વાગે છે તેની વાસ્તવિકતા સમજો -૨૦૦૫ માં, કોંગ્રેસ-યુપીએ સરકારે બેંકોને "નો ફ્રિલ્સ એકાઉન્ટ્સ" ખોલવાનો નિર્દેશ આપ્યો હતો.

૨૦૧૦ માં, RBI એ બેંકોને ૨૦૧૦ થી ૨૦૧૩ સુધી નાણાકીય સમાવેશ યોજના તૈયાર કરવા અને અમલમાં મૂકવા જણાવ્યું હતું. ૨૦૧૧ માં, કોંગ્રેસ-યુપીએ સરકારે મુખ્ય નાણાકીય સમાવેશ પહેલ 'સ્વાભિમાન' (સ્વ-સન્માન) શરૂ કરી. ૨૦૧૨ માં, "નો ફ્રિલ્સ એકાઉન્ટ્સ" ને સત્તાવાર નામ મળ્યું – મૂળભૂત બચત બેંક ડિપોઝિટ એકાઉન્ટ (BSBDA)

૨૦૧૩માં, બેંકોને નાણાકીય સમાવેશ યોજનાને ૨૦૧૬ સુધી લંબાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. મોદી સરકારે તેનું નામ બદલીને જન ધન યોજના રાખ્યું.

૨૦૧૩માં જ કોંગ્રેસ-યુપીએએ ૨૯૧ જિલ્લામાં એલપીજી સબસિડી આપવા માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) સ્કીમ અને આધારને લિંક કર્યું હતું. તે સમયે વિરોધમાં રહેલા ભાજપ શાસિત રાજ્યોએ આ "પહલ" યોજનાનો વિરોધ કર્યો હતો. મોદીજીએ પણ આધારનો વિરોધ કર્યો હતો.

આજે મોદીજી એ જ યોજનાઓનો ઉપયોગ કરીને જાહેરાતોમાં વ્યસ્ત છે.

### તમામ તંત્રને ખડેપગે રહેવાના આદેશ

## રાજ્યમાં હજુ ત્રણ દિવસ વરસાદી આફતનો ખતરો !

**રાજ્યમાં ૨૭મીના મંગળવારે ચોમાસાની મોસમનો સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને પાર થઈ ગયો છે**

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી કપરી પરિસ્થિતિમાં વહિવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરી અને બચાવ રાહત પગલાં અંગે ઈમરજન્સી સમીક્ષા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી મુખ્યસચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, એમ.કે.દાસ સહિત મહેસુલ, ઊર્જા, આરોગ્ય, પાણી પુરવઠા, માર્ગ મકાન અને અન્ય સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવોની ખાસ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વીડિયો કોન્ફરન્સથી કરી હતી. જેમાં આ તમામ વિગતો મુખ્યમંત્રીને આપવામાં આવી હતી. બોટાદના ખાંભડા ડેમામાંથી પાણી છોડવાની શક્યતા પૂર્વે બરવાળા તાલુકાના ખાંભડા ગામના ૧૯૮ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું. મોરબી જિલ્લાના માળિયાના મોટા દહીંસરા સબ સ્ટેશનમાં ફસાયેલા ૬ કર્મચારીને રેસ્કયૂ કરાયા. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા પ્રસુતિની સંભાવના ધરાવતી ૩૦ જેટલી સગર્ભાને તબીબી નિરીક્ષણ માટે નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવી. પંચમહાલ જિલ્લામાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા આશરે ૪,૦૦૦ જેટલા નાગરિકોને સુરક્ષિત જગ્યાએ સ્થળાંતરિત કરાયા અને ૨૦ જેટલા રસ્તાના કોઝ-વે પણ બંધ કરાયા. વડોદરા શહેરમાં એક જ દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સને ૨૮૫ કોલ મળ્યા હોવા છતાં, એમ્બ્યુલન્સ સેવા અટકી નહીં. પાણી ભરાયેલા હોય તેવા વિસ્તારમાંથી ૪૯ દર્દીને એમ્બ્યુલન્સના માધ્યમથી સહી સલામત હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. એક સગર્ભા મહિલાની એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસુતિ કરવામાં આવી. મોરબી જિલ્લામાં મચ્છુ નદીનું જળ સ્તર વધતા સામખિયાળીથી માળિયા સુધીના નેશનલ હાઈવે પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો. નીચાણવાળા વિસ્તારોમાંથી ૧૦ ખાસ ટીમો દ્વારા નાગરીકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયા. રાજ્ય સરકારે તાજેતરના ભયંકર પૂરથી અસરગ્રસ્ત અનેક જિલ્લાઓમાં તાત્કાલિક પૂર રાહત કામગીરી માટે આર્મીની છ કોલમની સહાયની માગ કરી છે. રાહત કામગીરી માટે આર્મી કોલમની તૈનાતી નીચે મુજબ ફાળવાઈ છે. મોરબી જિલ્લામાં એક કોલમ રવાના કરાઈ છે, આણંદ અને ખેડા જિલ્લામાં બે કોલમ, દ્વારકા અને રાજકોટ જિલ્લામાં બે કોલમ, વડોદરા જિલ્લામાં એક કોલમ હાલમાં સ્થળ તરફ આગળ વધી રહી છે. જરૂરી માનવબળ, તબીબી અને ઈજનેરી ઉપકરણોથી પર્યાપ્ત રીતે સજ્જ આ કોલમોને એકત્રિત કરવામાં આવી છે અને સક્રિયપણે તેમના સંબંધિત સ્થળોએ જવા રવાના થઈ રહી છે.

### વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી

## ઋષિકેશ પટેલ અને જગદીશ વિશ્વકર્મા વડોદરા દોડી આવ્યા

**રાજ્ય સરકાર દ્વારા વડોદરા શહેરને તમામ પ્રકારની મદદ કરવામાં આવી રહી હોવાનું બંને મંત્રીઓએ જણાવ્યું હતું**

વડોદરા, તા.૨૮

વિશ્વામિત્રી નદીના પાણી વડોદરા શહેરમાં ઘૂસી જવાના કારણે સર્જાયેલી સ્થિતિનો તાગ મેળવવા માટે રાજ્ય સરકારના બે મંત્રી, ઋષિકેશ પટેલ અને જગદીશ વિશ્વકર્મા આજે અહીં દોડી આવ્યા હતા અને વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી રાહત-બચાવની કામગીરી અંગે જાણકારી મેળવી હતી. આપત્તિની આ સ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા વડોદરા શહેરને તમામ પ્રકારની મદદ કરવામાં આવી રહી હોવાનું બન્ને મંત્રીઓએ જણાવ્યું હતું. સમુહ માધ્યમો સાથે વાતચિતમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, વિશ્વામિત્રી નદીનું પાણી તેની આસપાસના વિસ્તારોમાં ઘૂસી ગયું છે. દેવ ડેમ અને આજવા સરોવરના ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે પાણીની આવક સતત થઈ છે અને આ બન્ને જળાશયોમાંથી પાણી છોડવામાં આવ્યું છે. શહેરની સ્થિતિને ધ્યાને રાખીને વડોદરા મહાપાલિકા તંત્ર દ્વારા આજવા ડેમમાંથી પાણી છોડવાનું બંધ કરાવ્યું હતું. શહેરના કેટલાક વિસ્તારમાં દસદસ ફૂટ પાણી ભરાયા છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ કહ્યું કે, હાલમાં રાહત અને બચાવની કામગીરીને રાજ્ય સરકાર દ્વારા અગ્રતા આપવામાં આવી રહી છે. આ માટે આર્મીની ત્રણ કુમુક અને એનડીઆરએફ તથા એસડીઆરએફની વધુ ટૂકડીઓ જરૂરી સંસધાનો દ્વારા વડોદરા મોકલવામાં આવ્યા છે. જરૂરિયાત ના હોય તેવા નજીકના જિલ્લામાંથી પણ એનડીઆરએફને બોલાવવામાં આવી છે. આ કારણે બચાવની કામગીરી વધુ ઝડપથી થઈ શકશે. પટેલે જણાવ્યું કે, વડોદરા શહેરમાં અત્યાર સુધીમાં છ હજારથી પણ વધુ લોકોને આશરો આપવામાં આવ્યો છે. ૧૨૦૦થી પણ વધુ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. આ તમામ લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા એક લાખથી પણ વધુ ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેમાં સામાજિક અને ધાર્મિક સંસ્થાઓનો સહયોગ મળી રહ્યો છે. વિપત્તિની આ ઘડીમાં લોકોનો સહયોગ પણ આવશ્યક છે. પ્રવક્તા મંત્રીએ વધુમાં કહ્યું કે, સમગ્ર રાજ્યમાં સારો વરસાદ પડ્યો છે. પૂરની સ્થિતિમાં રાહત અને બચાવની કામગીરી સતત ચાલી રહી છે. રાજ્ય સરકાર દ્વારા આપત્તિના સમયે હરસંભવ મદદ કરવામાં આવે છે. આ પૂર્વે બન્ને મંત્રીઓ દ્વારા વડોદરા મહાપાલિકાના નિયંત્રણ કક્ષની મુલાકાત લેવામાં આવી હતી.

### ગુજરાતના ૧૨ જિલ્લામાં રેડ એલર્ટ

## રાજ્યમાં હજુ છ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

**આ મહિનાના અંત સુધીમાં સૌરાષ્ટ્રના મોટાભાગના અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદનું જોર રહેશે**

અમદાવાદ,તા.૨૮

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના મોટાભાગ વિસ્તારોમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે, અનેક વિસ્તારોમાં ભારે વરસાદને લઈને પૂરની સ્થિતિ ઊભી થઈ છે. આ ઉપરાંત, અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા કેટલાય લોકોને સુરક્ષિત જગ્યાએ સ્થાળાંતર કરવામાં આવ્યાં છે. રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી ભારેથી અતિભારે વરસાદ ખાબકી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં હજુ છ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં આ મહિનાના અંત સુધીમાં સૌરાષ્ટ્રના મોટાભાગના અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદનું જોર રહેશે. જ્યારે આવતી કાલે (૨૯ ઑગસ્ટે) સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લામાં કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં અતિભારે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૦ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. ચાલો જાણીએ આગામી છ દિવસ કેવો રહેશે વરસાદી માહોલ. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૦ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ૪૫૪ મિ.મી., જામનગરમાં ૩૮૭ મિ.મી., જામજોધપુરમાં ૩૨૯ મિ.મી., લાલપુરમાં ૩૨૪ મિ.મી. અને કાલાવડમાં ૨૮૪, પોરબંદરના રાણાવાવમાં ૨૯૨ મિ.મી., રાજકોટના લોધિકા અને દેવભૂમિ દ્વારકાના ભાનવડમાં ૨૬૮ મિ.મી., રાજકોટના કોટડાસાંઘાણીમાં ૨૬૧ મિ.મી., દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરમાં ૨૬૦ મિ.મી. અને દ્વારકામાં ૨૫૧ મિ.મી., પોરબંદરમાં ૨૫૨ મિ.મી. વરસાદ ખાબક્યો છે.

જ્યારે હવામાન વિભાગ દ્વારા આજે (૨૮ ઑગસ્ટે) કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર જિલ્લામાં અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ભારેથી અતિભારે વરસાદને પગલે પાટણ, અમદાવાદ, આણંદ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, મધ્ય અને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, ગાંધીનગર, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આવતી કાલે (૨૯ ઑગસ્ટે) સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લામાં કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં અતિભારે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાયના ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત સહિતના ૨૧ જિલ્લામાં નો વૉર્નિંગ જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્યમાં આ મહિનાના અંત સુધીમાં સૌરાષ્ટ્રના મોટાભાગના અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદનું જોર રહેશે. ૩૦ ઑગસ્ટે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

બીજી તરફ, ૩૧ ઑગસ્ટે ભારે વરસાદને પગલે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય મધ્ય અને ઉત્તર ગુજરાતના ૧૬ જિલ્લામાં નો વૉર્નિંગ જાહેર કરવામાં આવ્યું છે.

સપ્ટેમ્બર મહિનાની શરૂઆતથી રાજ્યમાં વરસાદનું જોર ઘટતું જોવા મળશે. ૦૧-૦૨ સપ્ટેમ્બરે માત્ર દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં નવસારી અને વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને પગલે ઓરેન્જ એલર્ટ અને સુરત, ભરૂચ, તાપી અને ડાંગ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે

### ખેતીમાં થયેલા નુકસાન અંગે નિવેદન

## ખેતીને થયેલ નુકસાનનું સર્વે કરાવવામાં આવશે : કૃષિમંત્રી

**ભારે વરસાદના કારણે વરસાદી પાણી ખેતરમાં ફરી વળતા ખેતરમાં ઉભા પાકને ભારે નુકશાન થયું છે**

ગાંધીનગર, તા.૨૮

રાજકોટમાં વરસાદે ભારે તારાજી સર્જી છે. રાજકોટમાં વરસાદ બાદની સ્થિતિને લઈ રાઘવજી પટેલે નિવેદન આપ્યું હતું કે, વરસાદને લઈ અધિકારીઓ સાથે બેઠક કરી માહિતી મેળવી છે. તેમજ નીચાણવાળા વિસ્તારમાંથી લોકોનું રેસ્ક્યું કરી સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. ખેતીને થયેલ નુકસાનનું સર્વે કરાવવામાં આવશે. તેમજ ખરાબ રસ્તાઓ તાત્કાલિક રીપેર કરવા સૂચનાઓ આપી છે. જામનગરમાં અતિવૃષ્ટિને લઈ આગોતરૂ આયોજન કરાયું છે. અતિવૃષ્ટિ થાય તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય તે સ્વાભાવિક છે. રાજકોટ પ્રભારી રાઘવજી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, સૌથી વધુ અસરગ્રસ્ત રૈયા રોડ, બેડીપરા, બજરંગવાડી સહિતનાં નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ૧૧૦ લોકોને નજીકની શાળામાં સ્થળાંતર કરી તેઓને રહેવા તેમજ જમવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. તેમજ રાજકોટ-અમદાવાદ રોડ પર જે ગાબડા પડ્યા છે અથવા જ્યાં રોડ બિસ્માર થયો છે.તે રોડ તાત્કાલીક રીપેર થાય તે માટે હું ગાંધીનગર જઈ લાગતા વળગતા સત્તાવાળાઓને રજૂઆત કરવાનો છું. તેમજ આજની મીટીંગમાં મે જીલ્લાનાં જે જે વિસ્તારમાં ગાબડા પડ્યા હોય કે પુલને નુકશાન થયું હોય ત્યાં તાત્કાલીક ધોરણે તેને રીપેર કરવાની તંત્રનાં અધિકારીઓને મેં સૂચના આપી છે.

## ITFU એશિયન ચેમ્પિયનશિપ ૨૦૨૪માં કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ૧૪ ખેલાડીઓનો દબદબો



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

ઉના, તા.૨૮

કેન્દ્રશાસિતપ્રદેશદીવના ૧૪ સ્પર્ધકો UTFU ટેકવાંડો કરાટે સાઉથ એશિયન ચેમ્પિયનશિપ ૨૦૨૪માં ભાગ લેવા માટે આંધ્રપ્રદેશના વિજયવાડા ગયેલા. જેમાં કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના આ ૧૪ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ચેમ્પિયન શીપમાં વિવિધ વય,જૂથ અને વજન કેટેગરી મળીને કુલ ૧૪ ખેલાડીઓએ ૨૨ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ જીતીને સમગ્ર દેશ અને દીવ દમણનું ગૌરવ વધાર્યુ.

આ સ્પર્ધાનું આયોજન આંધ્રપ્રદેશના વિજયવાડા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ૧૪ ખેલાડીઓ, ૨ કોચ, ૨ ટીમ મેનેજર મળી કુલ ૧૮ જેટલા લોકો આંધ્રપ્રદેશ ગયા હતા. આ યોજાયેલ ચેમ્પિયનશિપમાં નાની વયના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને છેલ્લા ઘણા મહિનાઓની મહેનત બાદ આ ચેમ્પિયનશિપમાં ભાગ લઈને વિવિધ કેટેગરીમાં ફાઈટ કરીને અનેરી સિદ્ધિ હાંસિલ કરી દીવને ગૌરવ અપાવ્યુ હતું.

આ બાળકોએ UTFU ટેકવાંડો કરાટે સાઉથ એશિયન ચેમ્પિયનશિપ ૨૦૨૪માં કુલ ૮ દેશના ખેલાડીઓ રમવા આવ્યા હતા. જેમાં કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ૧૪ જેટલા ખેલાડીઓએ આ સાઉથ એશિયાની સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. જેમાં આ ૧૪ જેટલા ખેલાડીઓએ ૨૨ ગોલ્ડ, ૮ સિલ્વર, ૨ બ્રોન્ઝ મળી કુલ ૩૨ જેટલા મેડલ જીતી દેશમાં કેન્દ્ર શાસિત દિવનો ડંકો વગાડયો છે. આ ટીમ આજે બપોરે દીવ ખાતે આવતા તેમને આવકારવા પરિવારજનો, દીવ ટેકવાંડો એસોસિયેશનના ઉપપ્રમુખ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. આ ખેલાડીઓ ફક્ત દીવ શહેર કે રાજય પૂરતા નહીં, પરંતુ દેશ અને ઈન્ટરનેશનલ સ્પર્ધાઓમાં ભાગ લઈ ચુકયા છે.

## અમરેલી : અશોક શારદા મંદિરમાં ફાયર સેફટી ડેમો યોજાયો

અમરેલી, તા. ૨૮

"શ્રી અશોક શારદા મંદિર પ્રાથમિક શાળા – અમરેલી" ખાતે એક દિવસીય ફાયર સેફટી ડેમો કેમ્પ યોજાઈ ગયો.

ગત્ત તા. ૨૪/૮/૨૪ના રોજ અમરેલી શહેરના ખત્રીવાડ વિસ્તારમાં આવેલ "શ્રી અશોક શારદા મંદિર પ્રાથમિક શાળા – અમરેલી" ખાતે એક દિવસીય ફાયર સેફટી ડમોસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેની અંદર અચાનક આકસ્મિક રીતે લાગતી આગ, વરસાદી અતિવૃષ્ટિ કે પૂર જેવી પરિસ્થિતિ તથા ઊંડા પાણીમાં ડૂબતી વ્યકિતના જાન માલનો બચાવ પોતાની જાતની સલામતી જાળવીને કઈ રીતે કરવો તેનું લાઈવ ડેમોસ્ટ્રેશન વિષયના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવેલ તથા વિદ્યાર્થીઓને વિગતવાર માહીતી પૂરી પાડવામાં આવેલ, આ તકે અમરેલી નગરપાલિકાના અશોકભાઈ પરમાર (કાંબલીભાઈ) તથા રાજુભાઈ એ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને લાઈવ ડેમોકરી બતાવેલ.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શાળાના પ્રિન્સિપાલ અનીસાબેન એ. બ્લોચ, ટ્રસ્ટી અને લીગલ એડવાઈઝ એડવોકેટ ઈમ્તિયાઝભાઈ એ. બ્લોચ તથા અશરફભાઈ એ. બ્લોચ અને રશિદાબેન બ્લોચ એ જહેમત ઉઠાવેલ હતી.

# અમરેલી : ડો. પિયુષ ગોસાઈનાં માતુશ્રીનું નિધન થતાં શ્રધ્ધાસુમન અર્પણ કરતાં જિલ્લાનાં આગેવાનો



અમરેલી જીલ્લા ભાજપના ડોકટર સેલના કન્વીનર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના વાઈસ ચેરમેન ડો. પિયુષ ગોસાઈ (શ્રીજીવુમન્સહોસ્પિટલ), ભાવેશગોસાઈ (સમાજકલ્યાણઅધિકારી) તથા દિપક ગોસાઈ (રાજકોટ)નાં માતુશ્રી મંજુલાબેન વિલાસગીરી ગોસાઈનું કૈલાસ ગમન થતાં પૂર્વ કેન્દ્રીય કેબિનેટમંત્રી અને રાજકોટનાંસાંસદ પરશોતમભાઈ રૂપાલા, ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા, જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ડો. કાનાબાર, માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, જીલ્લા ભાજપના દિપકભાઈ વઘાસિયા, દશનામ ગોસ્વામી સમાજનાં પ્રમુખ અનિગીરી ગોસાઈ, ડો. અશોક પરમાર, ડો. હર્ષદ રાઠોડ, ડો. રાજુ કથિરિયા, જીતભાઈ દેસાઈ, તેજસ દેસાઈ, મુકેશ પંચાલ, વિપુલ ભટ્ટી સહિત જીલ્લાભરના ડોકટર મિત્રો, મેડિકલ એસોસિએશને ગોસાઈ પરિવારને સાંત્વના પાઠવી નિર્મળ સ્વભાવના નિષ્ઠાવાન શિક્ષિકા મંજુલાબેન ગોસાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કૈલાસવાસી સાસુમાંના શકિત પૂજન અંતર્ગત પૂત્રવધુઓ હીનાબેન, ક્રિષ્નાબેન, અંજનાબેન સહિત શિક્ષિત ગોસાઈ પરિવારે પર્યાવરણની જાળવણી હેતુસર સ્નેહી–સ્વજનોને 'બિલ્વવૃક્ષ' ના રોપાનું વિતરણ કરી સમાજને નવો રાહ ચિંધ્યો હતો.

## વડિયા : સુરવો ડેમ ઓવરફલો : બે દરવાજા દોઢ ફુટ ખોલવામાં આવ્યાં



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા.૨૮

ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને જીલ્લા કાર્યપાલક ઈજનેર વાઝા મામલતદાર પોલીસ વિભાગ સાથે વડિયા સુરવો ડેમ ખાતે પહોંચી નવાનિરના વધામણા કર્યા. સાથે જીલ્લા પંચાયત શાસક પક્ષ નેતા વિપુલભાઈ રાં તાલુકા પંચાયત પ્રમુખ પરસોતમભાઈ હિરપરા તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, છગનભાઈ ઢોલરીયા સહિતના લોકો પણ હાજર રહ્યાં.

### ધો. ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે

## અમરેલીમાં ગણિત વર્તૃળ દ્વારા દર રવિવારે નિ:શુલ્ક ગણિત કલાસ

### કોઈપણ શાળામાં ભણતા વિદ્યાર્થીઓ જોડાઈ શકશે

અમરેલી, તા.૨૮

અમરેલી ગણિત વર્તૃળ દ્વારા દર રવિવારે ફોરવર્ડ હાઈસ્કૂલમાં સવારનાં તા.૩૦ થી ૧૧:૩૦ સુધી નિ:શૂલ્ક ગણિત વિષયનો વર્ગ યોજાશે.

વિદ્યાર્થીઓમાં ગણિત વિષયમાં પાયાની કપાસ જોવા મળે છે. તેના કારણે બોર્ડની પરિક્ષામાં વિદ્યાર્થીઓ સારા ગુણ મેળવી શકતા નથી. વિદ્યાર્થીઓમાં રહેલ આ ખામી દુર કરવા માટે ગયા વર્ષની માફક આ વર્ષે પણ નિ:શૂલ્ક ગણિત ટયુશન કલાસ શરૂ કરવામાં આવશે. વધુ વિગત માટે આર.કે. માલનિયા મો. ૯૭૨૭૭૯૬૮૩૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલીમાં રીવોલ્વર સાથે રિલ્સ બનાવી

ઈમારતમાંથી ઉતરતી હોય તે રીતનો વીડિયો બનાવી અને સોશ્યલ મિડીયામાં મુકેલ હતો. જે વીડિયો વાયરલ થતાં અમરેલી એસ.ઓ.જી. પોલીસે તપાસ હાથ ધરતાં આ વીડિયોમાં બતાવાયેલ રિવોલ્વર રમકડાંની અને પ્લાસ્ટિકની હોવાનું પોલીસના ધ્યાને આવેલ છે.

આ રીલ બનાવવાની ઘેલછામાં આ યુવતી સામે અમરેલી એસઓજી દ્વારા તપાસ હાથ ધરાતાં આ વીડિયો એક વેબસિરીઝના પ્રમોશન માટે બનાવવામાં આવ્યો હોવાનું અને આ વીડિયામાં બતાવાયેલ રિવોલ્વર રમકડાંની અને પ્લાસ્ટિકની હોવાનું અમરેલી ડીવાયએસપી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું.

## ઓગસ્ટ–૨૦૨૪નો તાલુકા સ્વાગત કાર્યક્રમ બંધ રહેશે

અમરેલી, તા. ૨૮

સમગ્ર રાજયમાં ભારે વરસાદની સ્થિતિ હોય ઓગષ્ટ માસ દરમિયાન યોજાનાર ''તાલુકા સ્વાગત'' કાર્યક્રમ બંધ રાખવામાં આવ્યો છે. વધુમાં ઓગષ્ટ ૨૦૨૪ તાલુકા સ્વાગત કાર્યક્રમ માટે મળેલી અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવા સૂચના છે, આથી સંબંધિત કચેરીઓ દ્વારા આ માટે ઘટતું થાય તે માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ અમરેલી જીલ્લા નિવાસી અધિક કલેકટર દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું

### રાજુલા–પિપાવાવ સેકશનમાં

આવી જતાં રાજુલા–પિપાવાવ સેકશન વચ્ચે ઈમરજન્સી બ્રેક લગાવી ગુડસ ટ્રેનને રોકી દીવાની ફરજ પડી હતી અને આ ગુડસ ટ્રેનના પાયલોટની સમય સૂચકતા કારણે પાંચ સિંહોના જીવ બચ્યા હતાં. આમ રેલ્વે ટ્રેક પર સિંહ અકસ્માતની મોટી દુર્ઘટના ટળી હતી.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલા–પિપાવાવ સેકશન રેલ્વે ટ્રેક પર અચાનક જ પાંચ જેટલાં સિંહો આવી ચડતા અને આ ગુડસ ટ્રેનના પાયલોટની સમય સૂચકતાનાં કારણે ઈમરજન્સી બ્રેક લગાવી ગુડસ ટ્રેનને રોકી દેવાની ફરજ પડી હતી. જેના કારણે પાંચ સિંહોના જીવ બચ્યા હતાં. આમ રેલ્વે ટ્રેક પર સિંહ અકસ્માતની મોટી દુર્ઘટના ટળી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

### બાબરાનાં રાયપર ગામનાં

ખાબકતા નદીના પુરમાં પરિવાર સાથે લાપતા બની હતી. ઈકો કારમાં માતા–પિતા તથા પુત્ર સવાર હતા. ઘટના સ્થળે દોડી ગયેલી ફાયર ટીમે નદીમાં શોધખોળ કરતા અંતે ઈકો કાર અને પતિ–પત્નીનાં મૃતદેહ મળી આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા ચાર દિવસથી સર્વસ્ત્ર ભારે વરસાદ પડી રહ્યો હોય મોટી ખીલોરીની કોલપરી નદીમાં ઘોડાપુર આવ્યુ હતુ. દરમિયાન સવારે પાંચનાં સુમારે બાબરા તાલુકાનાં રાયપર ગામે રહેતા જયેશભાઈ પરસોતમભાઈ રાદડીયા (ઉ.વ. ૪૦), તેમના પત્ની સોનલબેન (ઉ.વ. ૩૯) તથા પુત્ર ધર્મેશ (ઉ.વ. ૧૧) ઈકો કાર લઈ મોટી ખિલોરીજઈ રહ્યા હતા. તે વેળા વાસાવડ–મોટીખીલોરી વચ્ચે નદી પરનાં કોઝવે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કોઝવે પર બે થી અઢી ફુટ ઉંચે વહેતા પાણીનાં તિવ્ર પ્રવાહમાં ઈકો કાર તણાઈ હતી અને પલભરમાં નદીમાં આવેલા પુરમાં લાપતા બની હતી.

બનાવની જાણ ગ્રામજનો અને આગેવાનોને થતાં દોડી આવી ગોંડલ ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયરની તરવૈયાઓ સાથેની ટીમ ઉપરાંત એનડીઆરએફની ટીમ દોડી આવી નદીમાં શોધખોળ શરૂ કરી હતી. મોડેથી ઈકો કાર મળી આવી હતી. બાદમાં કોઝવે થી બસ્સો મીટર દુર નદીમાં જયેશભાઈ તથા તેમના પત્ની સોનલબેનનાં મૃતદેહ મળી આવ્યા હતા જયારે લાપતા ધર્મેશની કોઈ ભાળ મળી નથી.

બન્નેમૃતદેહને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. તાલુકા પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **પ્રકાશ મનોહર આરસ્કર** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી હરિધામ સોસાયટી
રે. સર્વે.નં. ૩૦૭/૨ પૈકી બીનખેતી પ્લોટ નં. ૨૨ પૈકી
જેના ચો.મી. ૧૦૮–૩૬
રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર : ૨૮૦/૨૦૧૪ રજી. તારીખ : ૧૨/૦૨/૨૦૧૪

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) ઉકાભાઈ લવજીભાઈ કાબરીયા (૨) બાબુભાઈ લવજીભાઈ કાબરીયા (૩) જયાબેન લાલજીભાઈ કાબરીયા (૪) અશ્વીનભાઈ લાલજીભાઈ કાબરીયા (૫) ઘનશ્યામભાઈ અરજણભાઈ કાબરીયા (૬) જીતેનદ્રભાઈ અરજણભાઈ કાબરીયા (૭) લીલાબેન અરજણભાઈ કાબરીયા નં. ૧ થી ૭ નાં કુલમુખત્યાર ભનુભાઈ ઉકાભાઈ કાબરીયાએ વેચાણ આપેલ છે. જે કુલમુકખ્યતારનામું તા. ૧૫/૦૬/૨૦૦૫નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણ (૩)માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૮/૦૮/૨૦૨૪
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

ઉદયન ત્રિવેદી
એડવોકેટ


### ધો. ૭ થી ૧૦ની વિદ્યાર્થીનીઓનું

## કોવાયા : અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા ભાકોદર શાળામાં હિમોગ્લોબીન ટેસ્ટીંગ કરાયું

### શાળાનાં આચાર્ય અને સ્ટાફગણે સહયોગ કર્યો



તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

કોવાયા, તા. ૨૮

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસના CSR વિભાગ દ્વારા આસપાસના ગામોના લોકોના આરોગ્યને ધ્યાને રાખીને વિવિધ આરોગ્યલક્ષી પ્રવૃતિઓ સમયાંતરે હાથ ધરવામાં આવે છે. ઉપરાંત આસપાસના ગામોમાં સ્વાસ્થ્યની પ્રાથમિક સગવડ સ્વરૂપ મોબાઈલ મેડીકલ વાન તથા ફ્રી દવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસના CSR વિભાગ દ્વારા સરકારી માધ્યમિક શાળા ભાકોદરમાં ૨૨ ઓગષ્ટ ૨૪ના રોજ કિશોરીઓના સ્વાસ્થ્યની જાળવણીને ધ્યાને રાખીને સ્ટ્રીપ અને મશીન દ્વારા હિમોગ્લોબીન ટેસ્ટીંગ કેમ્પ આયોજીત કરવામાં આવ્યો. જેમાં ધોરણ ૭, ૮, ૯, ૧૦ ની ૪૯ જેટલી કિશોરીઓએ મેડીકલ સેન્ટર GCW ના ડો. કૃતિકાબેન ઉપધ્યાય પાસે હિમોગ્લોબીન ટેસ્ટ કરાવ્યું. જેમાંથી ૩૨ એનેમિકોને PHC બાબરકોટ વતી CHO. ગૌરાંગભાઈ દ્વારા ટેબ્લેટસ અને યોગ્ય આહાર અને આરોગ્યની જાળવણીની સલાહ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવામાં સરકારી માધ્યમિક શાળા ભાકોદરના પ્રિન્સીપાલ સર અને સ્ટાફગણનો પણ ખુબ સહયોગ રહ્યો હતી. સાથે CSR ટીમ દ્વારા જી.જી.રાવ સાહેબ માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો.

### બાલભવન ખાતે ૩૦ ઓગષ્ટે

## અમરેલીમાં નેશનલ કક્ષાની રૂરલ આઈ.ટી. કવીઝ અને નેશનલ સાયન્સ સેમિનાર યોજાશે

### લોક વિજ્ઞાન કેન્દ્ર અને સંગ્રહાલય દ્વારા થયું આયોજન

અમરેલી, તા. ૨૮

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ડી.એસ.ટી. ગર્વમેન્ટ ઓફ ગુજરાતની સુચના એવમ માર્ગદર્શન અનુસાર ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન, અમરેલી દ્વારા જીલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. કવીઝ અને નેશનલ સાયન્સ સેમીનાર તા. ૩૦ મી ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સવારના ૮–૩૦ કલાકે ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, બાલભવન, અને સંગ્રહાલય, અમરેલી ખાતે પ્રારંભ થશે. જેમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓને સહભાગી થવા અનુરોધ કરાયો છે. નેશનલ રૂરલ આઈ.ટી. કવીઝમાં ઈન્ફોરમેશન ટેકનોલોજી અન્વયેના ઓબ્ઝેકટીવ પ્રશ્નો પુછાનાર છે. જયારે નેશનલ સાયન્સ સેમીનારમાં વિદ્યાથીઓએ "ARTIFICIAL INTELLIGENCE ; Potentials & Concerns". (કુત્રિમ બુધ્ધિ સંભવિતતા અને ચિંતાઓ) મુખ્ય વિષય ઉપર છ મીનીટનું પ્રેજન્ટેશન, પી.પી.ટી. તથા ચાટર્સ સાથે પોતાનું કૌવત પ્રદાન કરી શકશે.

સંસ્થાના મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા તથા ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા હરિબા મહિલા કોલેજ ખાતે જન્માષ્ટમીની ઉજવણી



ચલાલા – યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા હરિબા મહિલા કોલેજ ખાતે જન્માષ્ટમી (કૃષ્ણ જન્મ) પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના તથા કોલેજના શિક્ષકો દ્વારા મંદિર અને કૃષ્ણ ભગવાનના હિંડોળ નું શાનદાર ડેકોરેશન કરવામાં આવ્યું હતું. સાથે ધોરણ કે.જી. થી ૧૦ના વિદ્યાર્થીઓ કાનુડા અને ગોપીઓના ડ્રેસ પહેરીને આવ્યા હતાં. અને તેમાંથી બેસ્ટ ડ્રેસને નંબર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ સંસ્થાના વડા ડો. રતિદાદા, મંજુબા શાળા તથા કોલેજના ડાયરેકટર મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા અને સર્વ શિક્ષકો અને પ્રોફેસરોએ નંદ ઘેર આનંદ ભયોના નાદ સાથે કૃષ્ણ જન્મની શાનદાર ઉજવણી કરી હતી. બધાએ સાથે ભગવાનની આરતી કરી બધા બાળકો રાસ ગરબા રમ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ ગણે ખુબ જ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સાવરકુંડલામા હિન્દુ યુવા સંગઠન દ્વારા જન્માષ્ટમીની ૧૦૮ કાનુડા સાથે વિરાટ શોભાયાત્રા યોજાઇ






વિશ્વહિન્દુ પરિષદ અને બજરંગદળપ્રેરિત હિન્દૂયુવાસંગઠન દ્વારા આયોજિત તારીખ ૨૬-૮-૨૪ના રોજ જન્માષ્ટમી મહોત્સવ નિમિતે નાસિક ઢોલ સાથે સાવરકુંડલામાં સનાતન આશ્રમ જેસરરોડ ખાતે થી શિવાજીનગર, આડીશેરી, આઝાદ ચોક રિધ્ધિ સિધ્ધિ ચોક, કાપેલધાર, દેવળાગેઈટ, ગાંધીચોક, સહિતના રાજમાર્ગો પર વિરાટ શોભાયાત્રા, નીકળીને હવેલી ખાતે ભવ્ય મહોત્સવ પૂર્ણ થઈ હતી. આ તકે સાવરકુંડલા શહેરની દરેક સંસ્થા, જ્ઞાતિના આગેવાનો અને દરેક હિન્દૂપ્રેમી જનતા દ્વારા શોભાયાત્રા દરમિયાન પોતાની કૃતિઓ અને સુશોભિત ટ્રેકટરો સાથે મોટી સંખ્યામાં જોડાયા હતા અને સોનેરી રથમાં બિરાજમાન ભગવાન શ્રી કૃષ્ણના દર્શનનો લ્હાવો મોટી સંખ્યામાં શહેરના લોકોએ મેળવીને ધન્યતા અનુભવી હતી. અને નારીશક્તિ ઉત્થાન મહિલા સશક્તિકરણ દ્વારા શક્તિપ્રદર્શન કર્યુ હતું અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા દંડ યુદ્ધ રજૂ કરવામાં આવ્યું હતું.

તેમજ સાવરકુંડલા હિન્દુ યુવા સંગઠન દ્વારા આયોજિત વિરાટ શોભાયાત્રામાં ૧૦૮ કાનુડા અવનવા શણગાર સજીને આવેલ એ તમામ કાનુડાને મુખ્ય સ્પોન્સર શામળાદાસ હરજીવનદાસ છાંટબાર (નીરજ સ્ટીલ) અને સહસ્પોન્સર તપનભાઈ હર્ષદભાઈ દવે (સમર્પણ એન્ટરપ્રાઈઝ), સહ સ્પોન્સર સાગર મશીનરી સ્ટોર (સિલ્વર સબમર્સીબલ પંપ અને મોટર્સ) દ્વારા સ્કૂલ બેગ ગિફ્ટ આપવામા આવી હતી અને સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે હિન્દુ યુવા સંગઠનના તમામ સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ સમગ્ર હિન્દૂ યુવા સંગઠનની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

### રૂપિયા પાંચ કરોડનાં ખર્ચે નવ નિર્માણ પાલી રહેલ

## સા.કુંડલાનાં અમૃત સરોવરની મુલાકાત લેતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા

### નવા નીરના વધામણા કરવામાં આવ્યા

અમરેલી, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેકટ અટલ મશીન અર્બન અંતર્ગત સાવરકુંડલા નગરપાલિકા દ્વારા ૫ કરોડના ખર્ચે મહુવા રોડથી જેસરરોડ બાયપાસ પર અમૃતસરોવર આકાર લઈ રહ્યું છે ત્યારે સારાવરસાદના કારણે અમૃતસરોવરમા નવા નીર આવતા ધારાસભ્ય કસવાલાએ નગરપાલીકાની ટીમ તથા સંગઠનને સાથે રાખી આ નવા નીરના વધામણા કર્યા હતા. ધારાસભ્ય કસવાલાએ જણાવ્યુ કે આ સરોવર આવનારા ભવિષ્ય માટે સાવરકુંડલાનું નવું માઈલસ્ટોન બનશે. આ તકે સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શરદભાઈ પંડયા, શહેર



ભાજપ મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા, પરાગભાઈ ત્રિવેદી, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તથા નગરપાલીકા ચિફ ઓફીસર એચ.પી. બોરડ સાથે રહ્યા હતા તેમ અટલધારા કાર્યાલય ઈન્ચાર્જ જે.પી. હિરપરાની અખબારી યાદીમા જણાવાયુ હતુ.

### રાજુલાનાં સાહિત્યકારો જે.પી. ડેર તથા જોરૂભાઈ ધાખડાની અધ્યક્ષતામાં

## પથ્થરના શહેર રાજુલા ખાતે અમરેલીના મુર્ધન્ય કવિ હર્ષદ ચંદારાણાને શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

### કવિ 'હેમાળવી' સંચાલિત સૌરભ સાહિત્ય સંસ્થાનું ગરિમા પૂર્ણ આયોજન

અમરેલી, તા.૨૮

પથ્થરના શહેર રાજુલા ખાતે અમરેલીના મુર્ધન્ય કવિ હર્ષદભાઈ ચંદારાણાનું બેમાસ પહેલા અવસાન થતા તેમને શ્રધ્ધાંજલિ અર્પવા અર્થેનો કાવ્યાંજલિ કાર્યક્રમ રાજુલાના ગાંધીમંદિર હોલ ખાતે રાજુલાના કવિ શશિભાઈ રાજયગુરૂ 'હેમાળવી' સંચાલિત સૌરભ સાહિત્ય સંસ્થાન- રાજુલા દ્વારા ગુજરાતના સુપ્રસિધ્ધ કવિ મનોહર ત્રિવેદી, કૃષ્ણ દવેની નિશ્રા મા અને રાજુલાના સાહિત્યકારો જે.પી. ડેર તથા જોરૂભાઈ ધાખડાની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ કાવ્યાંજલિના કાર્યક્રમમાં હર્ષદ ચંદારાણાના પરિવારજનોમાં તેમના પત્ની રોહિણીબેન ચંદારાણા, પુત્ર આકાશભાઈ ચંદારાણા, પુત્રવધુ મિત્તલબેન ચંદારાણા તથા પૌત્ર ચિ.ભવ્ય તથા ચિ.અક્ષત હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય મહેમાનો દ્વાર શિવસ્તુતિ સંચાલક વિજયભાઈ મહેતા દ્વારા અને શ્લોક, ગાન ચિ.ભવ્ય તથા ચિ.અક્ષત દ્વારા કરવામા આવેલ હતુ. હર્ષદ ચંદારાણાના પરિવાર જનોનુ ફૂલહાર શાલ પુષ્પ ગુચ્છથી જે.પી. ડેર તથા સૌરભ સંસ્થાનના કવિઓ દ્વારા, હર્ષદ ચંદારાણાનો પેઈન્ટ ફોટો શશિભાઈ રાજયગુરૂ દ્વારા તથા પીપળના સુકાપાન પર હર્ષદ ચંદારાણાનો પેઈન્ટ ફોટો મનજી ભાઈ સરવૈયા દ્વારા અર્પણ થયો હતો. શ્રધ્ધાંજલિ પ્રવચન જે.પી. ડેર, જોરૂભાઈ ધાખડા દ્વારા થયુ હતુ. હર્ષદ ચંદારાણાના સાહિત્ય સર્જનમાં ગીત ગઝલ સંગ્રહો 'ફીણ મોજા', 'નદીને મળ્યા પછી', 'કલરવનું




ઘર', 'પંખો પવનને પતંગિયુ, 'મહેકનો અભિષેક', 'સમુદ્ર છલકે છે', 'કિરણની પોટલી', 'મારા મોરપિચ્છ' લેખ સંગ્રહ વગેરે પર કૃષ્ણ દવે, મનોહર ત્રિવેદી, સ્નેહી પરમાર, વિમલ અગ્રાવત ઈતેષભાઈ મહેતા, વિ.હિ.પ.પ્રમુખ અમરેલી, હેમાંગભાઈ ટાંક દ્વારા હર્ષદભાઈના સ્મરણો વાગોળ્યા હતા અને તેમની રચનાઓ દ્વાર અંજલિ આપી હતી. તથા ભાવકોની આંખો ભીની થઈ હતી. કવિ શશિભાઈ રાજયગુરૂએ 'નદીને મળ્યા પછી કાવ્યસંગ્રહની દરેક કવિતા પર સુંદર વિવેચન કરી અને હર્ષદ ભાઈની પ્રકૃતિ વિષયક, માનવીય સંવેદના પરની ગીત ગઝલ રચનાઓ પર વિષેશ વકતવ્ય રજુ કર્યુ હતુ.

અતિથિ વિશેષમાં ભાગવતાચાર્ય હિતેષભાઈ ઝાંખરા, જે.એમ. વાઘ હાઈસ્કૂલ પ્રિન્સીપાલ, ડો. રીટાબેન રાવલ મહિલા કોલેજ પ્રિન્સીપાલ તથા સીમાબેન પંડયા ગર્લ્સ હાઈસ્કૂલ પ્રિન્સીપાલ એ શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ કાવ્યાંજલિમાં સ્થાનિક કવિઓ નવિનભાઈ નાઈ, જગદીશભાઈ રાવલ, રાહુલ મહેતા, મુકેશભાઈ ત્રિવેદી, વર્ષાબેન પંપાણીયા હાજર રહ્યા હતા. ધૈવતભાઈ ત્રિવેદી- અમદાવાદ, નયનાબેન ગોહિલ-વડોદરા, હિનલબેન જોષી- હોંગકોંગ, કિશોરભાઈ એસ.વ્યાસ- સીડની ઓસ્ટ્રેલિયા, હરજીવન દાફડા, રોહિતભાઈ જીવાણી, પરેશ મહેતા, મહેન્દ્રભાઈ જોષી, ડો.કેતન કાનપરિયા-અમરેલી, ઉમેશભાઈ જોષી- રાજકોટ, ઉદયભાઈ દેસાઈ- કુંકાવાવ વગેરેએ ટેલિફોનિક શ્રધ્ધાંજલિ આપી હતી. રાજુલા શહેરના મહાનુભાવો બિપીનભાઈ લહેરી, મનુભાઈ ધાખડા હોટલ લાયન, બાબુભાઈ કોટીલા તથા મહેન્દ્રભાઈ ધાખડા નાગરિક બેન્ક, મનોજભાઈ નારાયણ રેસ્ટો., વિપુલભાઈ લહેરી, ગાંધી મંદીર કેમ્પસ ડાયરેકટર પ્રવિણભાઈ જાની, મનસુખભાઈ જોષી, વિજયભાઈ જોષી, ચીરાગભાઈ જોષી, જીતુભાઈ તેરૈયા, લીલાબેન ત્રિવેદી, મધુબેન દવે, વંદનાબેન મહેતા, શોભનાબેન રાજયગુરૂ, પલ્લવીબેન તેરૈયા તથા વિશાળ સંખ્યામાં ભાવિકો હાજર રહ્યા હતા. ચંદારાણા પરિવાર તરફથી મીત્તલબેન ચંદારાણાએ સૌરભ સાહિત્ય સંસ્થાન-રાજુલાનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હરેશભાઈ તેરૈયાએ જહેમત ઉઠાવી હતી.

### ૨૦ ઓગષ્ટથી ૨૯ ઓગષ્ટ, ''વર્લ્ડ વોટર વીક''

## પાણી ને ફૂટી છે વાણી, મને વાપરો જાણી જાણી નીર છે તો નૂર છે, બાકી દુનિયા ધૂળ છે

### જો પાણી જાય એળે, તો દુઃખ આવે આપમેળે



અમરેલી, તા.૨૮

સમગ્ર વિશ્વમાં ૨૦ ઓગષ્ટથી ૨૯ ઓગષ્ટ, ''વર્લ્ડ વોટર વીક'' ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો, જળનુ મહત્વ સમજાવવાનો તેમજ જળને વેડફાતુ અટકાવવાનો છે. વર્તમાન સમયમાં જળ સમસ્યા દિન પ્રતિદિન વિકટ સ્વરૂપ ધારણ કરે છે. ત્યારે જળવ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનુ છે. સનાતન સંસ્કૃતિમાં તો જળને દેવનું રૂપ આપવામાં આવ્યુ છે. જળ સમસ્યાઓમાં અછત અથવા દુકાળ, પૂરને કારણે લીલો દુકાળ, પાણીની વહેંચણીમાં થતા વિવાદ, પાણીમાં અશુધ્ધિના કારણે થતા રોગો, વિનાશક ત્સુનામી, જમીનનું ધોવાણ જેવા પ્રશ્નો ઉકેલ માંગી રહ્યા છે.

માણસ ભોજન વગર લાંબા સમય સુધી જીવી શકે છે, પરંતુ પાણી વગર બે થી ત્રણ દિવસ પણ જીવવુ મુશ્કેલ છે. આપણા શરીરમાં પણ અધિકાંશ ભાગ પાણી છે. જે જીવન માટે પાણી કેટલુ મહત્વનું છે. તેની સાબિતી આપે છે. તેમ છતા આટલા મહત્વપૂર્ણ પાણી પ્રત્યે આપણો દ્રષ્ટિકોણ ખૂબ સાધારણ અને ગેરજવાબદારી ભરેલુ છે. ગુજરાત અને થાર જવા ઘણા વિસ્તારોમાં આજે પણ મહિલાઓના જીવનનો મહત્વપૂર્ણ ભાગ માત્ર પાણીની સમસ્યા હલ કરતા જ નીકળી જાય છે. પાણીનું વ્યવસ્થિત આયોજન અને વિતરણ વ્યવસ્થા ખૂબ જરૂરી છે. પર્યાવરણની જાળવણી, વિકાસ, સામાજિક અને આર્થિક વિકાસ, ગરીબી ઘટાડા જેવી સમસ્યાઓના ઉકેલ માટે પાણી ખૂબ ઉપયોગી માધ્યમ છે. વિશ્વમાં સતત વધી રહેલી વસતી માટે ખાદ્ય ઉત્પાદન, ઉર્જા, ઔદ્યોગિક અને સ્થાનિક ઉપયોગ માટે પાણીની ઉપયોગિતા સતત વધી રહી છે. આપણી પૃથ્વી પર પણ ૭૭ ટકા ભાગમાં પાણી આવેલ છે. તેથી પૃથ્વીને "Blue Planet" પણ કહેવામાં આવે છે. આ પૃથ્વી પર જે ૭૧ ટકા પાણી છે. તેમાંથી ૯૮.૨ ટકા પાણી દરમિયાન આવેલુ છે. જે પીવા યોગ્ય નથી. આ ધરતી પર ૨.૧૫ ટકા પાણી બરફ રૂપે રહેલ છે. ૦.૬૧ ટકા પાણી ભૂગર્ભમાં રહેલ છે. પૃથ્વી પર આવેલ જળાશયોમાં ૦.૦૦૯ટકા પીવાલાયક પાણી રહેલ છે. ૦.૦૦૮ ટકા આંતરિક સમુદ્રમાં, માટીમાં ભેજના સ્વરૂપે ૦.૦૦૫ ટકા, વાતાવરણમાં ભેજ સ્વરૂપે ૦.૦૦૧ ટકા તથા નદીઓમાં ૦.૦૦૧ ટકા પાણી આવેલ છે. પૃથ્વી પર પાણીનો અખૂટ જથ્થો છે. પણ પૃથ્વી પર રહેલ કુલ પાણીના જથ્થામાંથી ૯૭ટકા પાણી ખારૂ છે. જે પીવા યોગ્ય નથી. માત્ર ૩ ટકા પાણી જ પીવા યોગ્ય છે. જાણકારો તો માને છે કે હવે જો વિશ્વયુધ્ધ થશે તો તે પાણી માટે થશે. વર્તમાન સમયમાં કર્ણાટક અને તમિલનાડુની પાણીને લઈને જે સ્થિતિ છે તે આની સાબિતી આપે છે. જો અત્યારે પાણી બચાવવામાં નહી આવે તો ભવિષ્યમાં મોટી સમસ્યાઓ સર્જાય શકે છે. માત્ર પાણીનો બગાડ અટકાવવો જ જરૂરી નથી, પરંતુ સાથે સાથે તેના સંગ્રહની વ્યવસ્થા કરવી એટલી જ મહત્વની છે.

–જળ એ જીવન છે


– પાણીને ફુટી છે વાણી, મને વાપરો જાણી જાણી

–નીર છે તો નુર છે, બાકી દુનિયા ધૂળ છે.

– જો પાણી જાય એળે, તો દુઃખ આવે આપમેળે

**– મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## હાથીગઢ : પ્રાથમિક શાળા જ્ઞાનસેતુ પરીક્ષામાં અગ્રેસર



લીલીયા, તા.૨૮

લીલીયા મુકામે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી જ્ઞાનસેતુ પરીક્ષામાં લીલીયા તાલુકાની હાથીગઢ પ્રાથમિક શાળાના ૫ વિદ્યાર્થીઓએ મેરિટમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જેમાં હર્ષ ભાડ, યાત્રી ધોરાજીયા, ધ્રુવિલ ભાડ, સાર્થ ભુવા, ધાર્મિક જાડેજા આ વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨ સુધી સ્કોલરશીપ અથવા રેસીડેન્સીયલ સ્કૂલ અથવા મીલીટરી સ્કૂલનો લાભ સરકાર દ્વારા આપવામાં આવશે. શાળાના આચાર્ય કલ્પેશભાઈ પંડયાએ વિદ્યાર્થીઓને આ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## જાફરાબાદ બંદર પર ૩ નંબરનું સિગ્નલ લગાવી માછીમારોને એલર્ટ કરવામાં આવ્યાં

જાફરાબાદ, તા.૨૮

રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી છે. ત્યારે અમરેલી જિલ્લામાં વહેલી સરવારથી વરસાદમાહોલ જોવા મળી રહ્યો છે. જાફરાબાદ બંદર પર ૩ નંબરનું સિગ્નલ લગાવી માછીમારોને એલર્ટ કરવામાં આવ્યા છે. જાફરાબાદ, ધારબંદર, શિયાળ બેટ, પીપાવાવ પોર્ટ સહિત દરિયાઈ પટીમાં મોજાઓ ઉછળી રહ્યા છે. માછીમારોને માછીમારી નહિ કરવા કડક સૂચના મળતા ગઈકાલે માછીમારો વતન જાફરાબાદ પહોંચી ગયા છે. આ ઉપરાંત ૨ જેટલી બોટ મહારાષ્ટ્રની પણ જાફરાબાદ બંદર પર લાંગરી દેવાય છે. હાલની સ્થિતિ દરિયામાં તોફાની હોવાને કારણે માછીમારો બંદર પર આવી ગયા છે. જાફરાબાદ બોટ એસોસિએશન પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ જણાવ્યુ હતુ કે, હવામાન વિભાગની આગાહીને લઈ તમામ માછીમારો જાફરાબાદ બંદર પર પહોંચી ચુકયા છે. બધી બોટ અમારા બંદર પર આવી ગઈ છે. આ ઉપરાંત દરિયામાં અતિ ખરાબ સ્થિતિ છે. જેના કારણે માછીમારો નજીકના બંદરો પર પહોંચી રહ્યા છે. મહારાષ્ટ્રની ૨ બોટ પણ અહી આવી ગઈ છે.

સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ અમરેલી જિલ્લામાં ધારીના ગ્રામ્ય વિસ્તારમાં ચલાલ, વીરપુર, માધુપુર, ધારગણી, નાગધ્રા, લાખાપાદર સહિત ગ્રામ્ય વિસ્તારમાં સાર્વત્રિક વરસાદ પડી રહ્યો છે. સાવરકુંડલા શહેર સહિત આસપાસના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે.


## નાગરિક સહકારી બેન્ક લી., બાબરા.

''ત્રિવેણી'', ગાયત્રી મંદિર પાસે, બાબરા-૩૬૫૪૨૧
(તા. બાબરા, જી. અમરેલી)

ચૂંટણીનાં નિયમોની કલમ ૮:૪ મુજબ ચૂંટણીનું સમયપત્રક, તારીખ અને સ્થળ નકકી

**ચૂંટણીની તારીખ : ૨૯/૦૯/૨૦૨૪**
**સ્થળ : નાગરિક સહકારી બેંક લી., બાબરા.**
**સમય : સવારે ૮:૦૦ થી ૪:૦૦ સુધી**

:: ચૂંટણીનું સમયપત્રક ::

| ક્રમ | વિગત | તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમ મતદારયાદી અને ખાલી જગ્યાઓનાં નામ સાથે પ્રસિધ્ધિ | ૨૯/૦૮/૨૦૨૪ | ગુરૂવાર | ૧૦:૦૦ કલાકે |
| ૨ | મતદારયાદી સામે વાંધા રજુ કરવાની છેલ્લી તારીખ | ૩૦/૦૮/૨૦૨૪ | શુક્રવાર | ૦૪:૦૦ કલાકે |
| ૩ | છેવટની મતદારયાદી પ્રસિધ્ધિ | ૩૦/૦૮/૨૦૨૪ | શુક્રવાર | ૦૫:૦૦ કલાકે |
| ૪ | ઉમેદારી પત્ર વિતરણની તારીખ | ૦૩/૦૯/૨૦૨૪<br>૦૪/૦૯/૨૦૨૪ | મંગળવાર<br>બુધવાર | ૧૦:૦૦ થી ૪:૦૦<br>૧૦:૦૦ થી ૪:૦૦ |
| ૫ | ઉમેદવારી પત્ર સ્વિકારવાની તારીખ | ૦૯/૦૯/૨૦૨૪<br>૧૦/૦૯/૨૦૨૪ | સોમવાર<br>મંગળવાર | ૧૦:૦૦ થી ૪:૦૦<br>૧૦:૦૦ થી ૪:૦૦ |
| ૬ | ઉમેદવારી પત્ર ચકાસવાની તારીખ,સમય | ૧૭/૦૯/૨૦૨૪ | મંગળવાર | ૦૪:૦૦ કલાકે |
| ૭ | મંજુર થયેલ ઉમેદવારોની જાહેરાતની તારીખ | ૧૭/૦૯/૨૦૨૪ | મંગળવાર | ૦૫:૦૦ કલાકે |
| ૮ | ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની તારીખ | ૧૯/૦૯/૨૦૨૪ | ગુરૂવાર | ૦૨:૦૦ કલાકે |
| ૯ | ઉમેદવારોની છેવટની યાદી પ્રસિધ્ધિની તારીખ | ૧૯/૦૯/૨૦૨૪ | ગુરૂવાર | ૦૪:૦૦ કલાકે |
| ૧૦ | નિશાન ફાળવણીની તારીખ | ૧૯/૦૯/૨૦૨૪ | ગુરૂવાર | ૦૪:૦૦ કલાકે |
| ૧૧ | મતદાનની તારીખ, સમય અને સ્થળ (સ્થળ : નાગરિક સહ. બેંક લી. બાબરા.) | ૨૯/૦૯/૨૦૨૪ | રવિવાર | ૦૮:૦૦ થી ૪:૦૦ |
| ૧૨ | મતગણતરીની તારીખ અને સમય | ૨૯/૦૯/૨૦૨૪ | રવિવાર | મતદાન પૂર્ણ થયા બાદ તુરત જ |
| ૧૩ | પરિણામ જાહેર કરવાની તારીખ | ૨૯/૦૯/૨૦૨૪ | રવિવાર | મતગણતરી પૂર્ણ થયા બાદ તુરત જ |

**નોંધ :** નાગરિક સહકારી બેંક લી., બાબરાનાં તમામ સભાસદ ભાઈ બહેનોને જણાવવાનું કે, બેંકના પેટા નિયમ, ગુજરાત કો-ઓપ. સોસાયટી એકટ અને બેંકીંગ રેગ્યુલેશન એકટનાં પ્રાવધાનોને અનુસરીને વ્યવસ્થાપક કમિટિની ખાલી પડતી ૧૩ (તેર) જગ્યા માટેની ચૂંટણીનો કાર્યક્રમ ઉપર મુજબ જાહેર કરવામાં આવે છે. જે પૈકી અનુ.જાતિ/અનુ.જનજાતિની ૧ (એક) બેઠક તથા નાના અને સીમાંત ખેડૂતો માટે ૧ (એક) બેઠક અનામત માટેની ચૂંટણી છે જેની નોંધ લેવા વિનંતી.

બોર્ડ ઓફ ડીરેકટર્સશ્રીનાં હુકમથી,
**આર. એસ. તેરૈયા**
ચૂંટણી અધિકારી,
નાગરિક સહકારી બેંક લી., બાબરા.




## ૪ દિવસથી અનરાધાર વરસાદથી પાણીની સમસ્યા દૂર

# આનંદો : બાબરા પંથકનાં મોટાભાગનાં ચેકડેમો પાણીથી છલોછલ

**સમગ્ર પંથકનાં સૌથી મોટા જળાશય કરીયાણા અને રામપરા ઓવરફ્લો થયા**

**સમગ્ર પંથકનાં ખેડૂતોને સમયસર વરસાદથી જબ્બરો ફાયદો થવાની સંભાવના**

**પીવાનાં પાણીની સમસ્યા પણ ગણતરીની કલાકોમાં દૂર થઈ**

**સતત વરસતા વરસાદથી સ્થાનિક વહીવટીતંત્ર ખડેપગે સેવા બજાવી રહ્યું છે**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮
બાબરા પંથકમાં ચાર દિવસ સતત વરસાદી માહોલ રહ્યો હતો અને તાલુકાના મોટા ભાગના નાના મોટા ચેકડેમો ભરાયાં હતા અને નદીઓ પણ બે કાંઠે વહી હતી.
બાબરાના પાંચાળ પંથકનો કરીયાણા ડેમ પણ ઉપરવાશમાં સારા વરસાદના કારણે છલકાયો હતો. બાબરા પંથકના બે મોટા ડેમો બે દિવસમાં ઓવરફ્લો થયાં હતાં. બાબરામાં આવેલ રામપરા ડેમ ઓવરફ્લો થયા બાદ બીજા દિવસે કરીયાણા ડેમ પણ ઓવરફ્લો થયો હતો.
કરીયાણા ડેમ ઉપરથી પાણી વહેતા થયાં હતાં જેના હિસાબે હજારો એકર જમીનને ફાયદો થશે. બાબરાના કરીયાણા, ઈરીયા, માધુપુર, ખાખરીયા સહિતના ૧૫ ગામોને થશે આ ડેમનાં પાણીથી ફાયદો. શિયાળ પાકનું થશે વાવેતર અને ખેડુતો આસાનીથી લઈ શકશે શિયાળુ પાક.
જિલ્લામાં વરસાદને લઈને હાઈએલર્ટ હોય એના હિસાબે બાબરા મામલતદાર એચ.ડી. જાડેજાએ પણ લીધી હતી ડેમની મુલાકાત અને લોકોને પાણીનો જયાં પ્રવાહ હોય એવા સ્થળથી દુર રહેવાની પણ સુચનાઓ આપી હતી.

## શ્રાવણ કૃષ્ણ દશમી પર સોમનાથ મહાદેવને કમળ પુષ્ણ શૃંગાર

શ્રાવણ કૃષ્ણ દશમીનાં પવિત્ર દિવસે શ્રી સોમનાથ મહાદેવને કમળ પુષ્ણ શૃંગાર કરવામાં આવ્યો હતો. મહાદેવને કમળ તેમજ અનેકવિધ સુંદર પુષ્પોથી અલંકૃત કરવામાં આવ્યા હતા. શાસ્ત્રો અનુસાર કમળ નું પુષ્પ ભગવાન શિવને પ્રિય ગણાય છે. ભગવાન વિષ્ણુએ પણ મહાદેવને કમળ પૂજા કરી પ્રસન્ન કર્યા હતા. આ શૃંગારથી ભકતોને માર્મિક સંદેશ પણ આપવામાં આવ્યો હતો કે કમળ જે કાદવમાં ઉત્પન્ન થાય છે છતાં તદન શુધ્ધ અને નિર્મળ રહે છે એવી જ રીતે વ્યકિતની આસપાસનું વાતાવરણ ભલે ગમે તેટલું દુષિત થાય પણ વ્યકિત પોતાની આંતરિક નિર્મળતા અને શુધ્ધિ જાળવી રાખે તો તે પણ કમળનાં પુષ્પની જેમ શિવત્વ પ્રાપ્ત કરે છે.






### દરિયાકાંઠે વિકાસનાં ધમધમાટ વચ્ચે સિંહોનાં આંટાફેરા

## રાજુલા–પિપાવાવ સેકશનમાં રેલ્વે ટ્રેક ઉપર એકી સાથે પાંચ સિંહનું આગમન

**ગુડસ ટ્રેઈનનાં પાયલોટની સમય સુચકતાથી અકસ્માત ટળી ગયો**



અમરેલી, તા. ૨૮
અમરેલી જિલ્લામાં ફરી એક વખત પાંચ જેટલાં સિંહો રેલ્વે ટ્રેક પર


અનુસંધાન પાના ૬ ઉપર

### સોશ્યલ મીડિયાની સાઈડ ઈફેક્ટ

## અમરેલીમાં રીવોલ્વર સાથે રિલ્સ બનાવી વાયરલ કરનાર યુવતીની પુછપરછ

**જોકે રીવોલ્વર રમકડાની હોવાનું ખુલ્યું**

અમરેલી, તા. ૨૮
આજકાલ સોશ્યલ મીડિયામાં રિલ્સ બનાવવાની ઘેલછા પાછળ આજના યુવાનો કયારેક જીવનું જોખમ કરતાં હોય છે તો કયારેક અજાણતા જ કાયદાનો ભંગ કરી પોતાની જાતને મુશ્કેલીઓમાં મુકી દેતા હોય છે. ત્યારે અમરેલીમાં રિવોલ્વર લઈને રીલ બનાવવાની ગાંડી ઘેલછાએ એક યુવતી સામે પોલીસે તપાસ હાથ ધરી હતી. પરંતુ આ રિલ્સ બનાવવામાં બતાવેલ રિવોલ્વર રમકડાંની અને પ્લાસ્ટિકની હોવાનું જણાય આવેલ છે. તેમ છતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.
આ બનાવમાં પલક ભટ્ટ નામની આઈ.ડી.માંથી એક યુવતી



પોતાના હાથમાં રિવોલ્વર રાખી અને એક

અનુસંધાન પાના ૬ ઉપર

### મેઘાવી માહોલમાં તસ્કરો સક્રીય થયા

## સાવરકુંડલાનાં થોરડી ગામે ખેડૂતનાં રહેણાંક મકાનમાંથી ૧.૯૩ લાખની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૮
સાવરકુંડલા તાલુકાના થોરડી પ્લોટ વિસ્તારમાં રહેતા જયસુખભાઈ કાળાભાઈ બરવાળીયા નામનાં ખેડુતના ઘરની દિવાલ ઉપરથી ધાબામાં આવી ધાબા ઉપરથી સીડી વડે નીચે ઉતરી કોઈ અજાણ્યા ચોર ઈસમે ગત તા. ૨૫ના રાત્રીના ૧૧:૩૦થી તા. ૨૬ ના રાત્રીના ૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન ખેડૂતના રહેણાંક મકાનમાં પ્રવેશ કરી દરવાજા તથા તીજોરી ખોલી સોનાની ચેન તથા સોનાની રૂદ્રાક્ષની પારાવાળી કંઠી તથા બે સોનાની વીંટી તથા ચાંદીની જુની વસ્તુઓ તથા રોકડ રકમ રૂપિયા ૪૦૦૦ મળી આશરે કુલ રૂપિયા ૧,૯૩,૫૦૦ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.




તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૩૧-૦૮-૨૦૨૪, શનિવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
• યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો • આયુર્વેદીક રસીકરણ
• ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો • પાચનશકિતમાં વધારો
• રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
• મગજતેજ અને બાળક ઉત્સાહી બને



*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)